પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૦૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૧૨-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાની તબિયત નાદુરસ્ત, અમદાવાદની યુએન હોસ્પિટલમાં દાખલ કરાયા

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાને યુએન મહેતા હોસ્પિટલમાં એડમિટ કરાયા છે. પીએમ મોદીના માતા ૧૦૦ વર્ષના છે. મોદી ગુજરાતમાં આવે ત્યારે માતાને મળવા માટે અચૂક જાય છે. જો કે તેમની તબિયત સારી અને સુધારા પર હોવાનું સામે આવ્યું છે.સવારે સામાન્ય બલ્ડપ્રેશરની તકલીફના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને પણ અકસ્માત નડ્યો હતો. આજે હીરાબાના હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સાંભળી પીએમ મોદી તાત્કાલિક ગુજરાત આવવા રવાના થયા હતા અને તેઓ અમદાવાદ પહોંચી ગયા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુ એન હોસ્પિટલમાં પહોંચ્યા હતાં અને તેમણે ડોકટરો સાથે ચર્ચા કરી હતી અને માતાની તબિયત અંગે પુછપરછ કરી હતી વડાપ્રધાને માતાની સારવાર અંગેની જાણકારી માંગી હતી. હોસ્પિટલ તરફથી આ માહિતી બુલેટિન બહાર પાડીને આપવામાં આવ્યું છે તેમાં જણાવાયુ છે કે હીરાબાની તબિયત સ્થિર અને સુધારા પર છે. હૃદયરોગના નિષ્ણાંતો અને કિડની લીવરના નિષ્ણાંતોની છ તબીબોની ટીમ હીરાબાના આરોગ્યની દેખરેખ કરી રહ્યાં છે. હાલમાં હીરાબાની તબિયર સ્થિર હોવાનું હોસ્પિટલે જણાવ્યું હતું.

બીજી તરફ હીરાબાના ખબર અંતર પૂછવા માટે અનેક નેતાઓ હોસપ્ટોલ પહોંચ્યા હતાં મોદીના માતૃશ્રીના ખબર અંતર પૂછવા માટે મુખ્યમંત્રી ભુરેન્દ્રભાઈ પટેલ પહોંચ્યા હતાં અહીં તેઓ એક કલાક ઉપરાંત રોકાયા હતાં અને તેમણે ડોકટરો સાથે વાતચીત કરી હીરાબાની તબિયત અંગે ડોકટરો પાસે પુછપરછ કરી હતી હોસ્પિટલમાં હીરીબાની સાથે મોદીના પરિવારના સભ્યો હાજર હતાં. પંકજમોદી અને સોમાભાઈ મોદી પણ હાજર હતાં આ ઉપરાંત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, રાજયસભા સાંસદ પરિમલ નથવાણી, ધારાસભ્ય દર્શના વાઘેલા, કૌશિક વ્યાસ મુખ્ય સચિવ પંકજ કુમાર ઉપરાંત ભાજપના નેતાઓ હોદ્દેદારો સાંસદ સભ્યો ધારાસભ્યો મંત્રીઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતાં. પહોંચ્યા હતાં.તો બીજી તરફ, રાહુલ ગાંધીએ પણ હીરાબા વિશે ટ્વીટ કરી કે, એક માતા અને દીકરાની વચ્ચેનો પ્રેમ અનંત અને અનમોલ છે. મોદીજી, આ કપરા સમયમાં મારો પ્રેમ અને સમર્થન તમારી સાથે છે. હું આશા કરુ છું કે, તમારા માતાજી જલ્દીમાં જલ્દી સાજા થઈ જાય. પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ટ્વીટ કરી કે, પ્રધાનમંત્રી મોદીના માતાના અસ્વસ્થ થવાના સમાચાર પ્રાપ્ત થયા. આ ઘડીમાં અમે સૌ એમની સાથે છીએ. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેઓ જલ્દીથી સ્વસ્થ થાય. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે પણ ટ્વીટ કરી કે, વડાપ્રધાન શ્રીના માતૃશ્રી પૂ.હીરાબા અસ્વસ્થ હોવાના સમાચાર મળ્યા. પૂ.હીરાબા ઝડપથી સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તેવી ઈશ્વરને પ્રાર્થના.આ ઉપરાંત દેશભરમાં પણ ભાજપના કાર્યકરોએ હીરાબાની તબિયત સારી થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે.આ પહેલાં ૨૦૧૬માં નરેન્દ્ર મોદીનાં માતા હીરાબાની તબિયત લથડી હતી. તેમને ૧૦૮ બોલાવી ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. એટલું જ નહિ, હોસ્પિટલના જનરલ વાર્ડમાં તેમની તપાસ સામાન્ય દર્દીઓની જેમ જ થઈ હતી. તેમને ૧૦૮માં તેના કર્મચારીઓ સ્ટ્રેચર પર સૂવડાવીને હોસ્પિટલ લઈ ગયા હતા અને જનરલ વોર્ડમાં જ દાખલ કરાયાં હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં માતા હીરાબા ૧૮ જૂને ૧૦૦ વર્ષનાં થયાં હતાં. તેમનો જન્મ ૧૮ જૂન ૧૯૨૩ના રોજ થયો હતો. વડાપ્રધાન મોદી ૧૮ જૂને માતા હીરાબાને સવારે તેમના ગાંધીનગરના નિવાસસ્થાને મળ્યા હતા અને મા સાથે ૪૫ મીનિટ બેઠા હતા.

હીરાબા એ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પોતાના બાળકોને ઉછેર્યા. પીએમ મોદી પણ પોતાની માતાના સંઘર્ષનો ઉલ્લેખ કરવાનું ક્યારેય ભૂલતા નથી. સપ્ટેમ્બર ૨૦૧૫માં જ્યારે પીએમ મોદી અમેરિકાની મુલાકાતે ગયા હતા ત્યારે તેમણે ફેસબુકના સ્થાપક માર્ક ઝકરબર્ગ સાથે ટાઉનહોલ સેશન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ તેમની માતાના સંઘર્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમના પિતાજી હવે આ દુનિયામાં રહ્યા નથી. પરંતુ પોતાના છ બાળકોને ઉછેરવા અને ખવડાવવા માટે મારી માતા અન્યના ઘરમાં વાસણો સાફ કરતી હતી, પાણી ભરવાનું કામ કરતી હતી.એ યાદ રહે કે કર્ણાટકમાં મંગળવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને અકસ્માત નડ્યો હતો. કારમાં પ્રહલાદ મોદી સહિત તેમના પુત્ર મેહુલ મોદી, પુત્રવધૂ જીનલ મોદી અને પૌત્ર મહાર્થ મોદી સહિત ૫ લોકો સવાર હતા. દરેક વ્યક્તિ ઘાયલ થયા છે.

૩૧ ડિસેમ્બર પહેલા ગુજરાતમાં રમ ધૂસાડવાનો માસ્ટર પ્લાન પોલીસે બગાડ્યો, ૧૦ ડ્રમ કર્યા જપ્ત

અમદાવાદ,

નવા વર્ષની ઉજવણી દારૂ પાર્ટી સાથે કરવા માટે યુવાઓ આતુર છે ત્યારે પોલીસ પણ તેમને રોકવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. બુટલેગરો નવી નવી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને દારૂનો જથ્થો લાવી રહ્યા છે જેમને રોકવા માટે પોલીસ પાસે હ્યુમન સોર્સ પણ પુરતા છે. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ડ્રમમાં રમનો પર્દાફાશ કરતા એક ખેપીયાને દારૂના જથ્થો સાથે ઝડપી પાડ્યો છે. સુરક્ષીત દારૂનો જથ્થો પહોંચાડવા માટે બુટલેગર હવે ડ્રમનો ઉપયોગ કરી રહ્યા છે અને ત્યારબાદ ધોળા દિવસે ડીલીવરી કરી રહ્યા છે.

સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમને બાતમી મળી હતી કે, ઈન્દિરા બ્રીજ સર્કલથી ડફનાળા તરફ ગાંધીનગર પાસિંગનો એક લોડિંગ ટેમ્પો જઈ રહ્યો છે. જેમાં રમની બોટલો છે. બાતમીના આધારે એસએમસીની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને વોચમાં હતી ત્યારે એક ગાંધીનગર પાસીગનો ટેમ્પો પસાર થયો હતો. એમએમસીએ ટેમ્પા ચાલકને રોકીને પૂછપરછ કરી હતી. જેમાં તેણે કબૂલાત કરી હતી કે, તે ડ્રમમાં કેમિકલ છે.

સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમને પાક્કી બાતમી હતી કે, કેમિકલની આડમાં દારૂનો જથ્થો જઈ રહ્યો છે. એસએમસીની ટીમે ટેમ્પામાં જોયું તો કેટલાક બોક્સ હતા જેની અંદર ડ્રમ મુક્યા હતા. સીલ પેક ડ્રમ ખોલતાની સાથે પોલીસ ચોંકી ઉઠી હતી કારણે તેમાં કેમિકલ નહી પરંતુ રમની બોટલો હતો.

એસએમસીની ટીમે ટેમ્પો ચાલક જીતેન્દ્ર કાનજી મકવાણાની ધરપકડ કરીને પૂછપરછ શરુ કરી હતી. પૂછપરછ દરમિયાન કાનજી મકવાણાએ જણાવ્યુ હતું કે, દેવેન્દ્ર પાલ અને ડુંગરસિંગના કહેવાથી બોક્સ શાહીબાગમાં ડિલીવરી કરવા માટે જતો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં જીતેન્દ્ર કાનજી મકવાણા, ડુંગરસિંગ, હસમુખ, ગૌરવ ચૌધરી અને દેવેન્દ્ર પાલ સહિત પાંચ લોકો વિરૂદ્ધ ફરિયાદ કરી છે.

એસએમસીએ કુલ ૪૮૦ રમની બોટલ અને ૧૦ ડ્રમ સહિત ૩.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરીયાએ જણાવ્યુ છે કે, બુટલેગરોએ પોતાની મોડસ ઓપરેન્ડી બદલી નાખી છે અને તે ડ્રમમાં દારૂની બોટલો મોકલી રહ્યા છે. બુટલેગરોએ નવા નક્કોર ડ્રમ ખરીદીને રાખ્યા છે જેમાં તે દારૂની બોટલોને બોક્સથી અલગ કરીને ડ્રમમાં ભરી દે છે. ડ્રમમાં બોટલ ભરી દીધા બાદ તેનુ ઢાંકળ સીલ પેક મારી દે છે. ડ્રમમાં દારૂની બોટલો મુકી દીધા બાદ તેને બોક્સમાં મુકી દે છે અને બાદમાં ધોળા દિવસે ડીલીવરી કરવા માટે જાય છે.

જ્યારે ટ્રાફિક પોલીસ તેમને રોકે ત્યારે બોક્સમાં કેમિકલ હોવાનું કહીને છટકી જાય છે. અમદાવાદમાં ચાંદખેડામાં સ્ટેટ મોનીટરીંગ સેલે આ ડ્રમમાં દારૂનો પર્દાફાશ કર્યો હતો જ્યારે હવે શાહીબાગમાં પણ આજ મોડસઓપરેન્ડી સામે આવી છે.

નેપાળ-ઉત્તરાખંડમાં ભૂકંપ, રિકટર સ્કેલ પર નોંધાઈ ૪.૭ અને ૫.૩ની તીવ્રતા



નવીદિલ્હી,

નેપાળ અને ઉત્તરાખંડમાં ગત રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા છે. જો કે, ભૂકંપના આ આંચકાઓ દરમિયાન કોઈ જાનહાનિ કે માલ મિલકતને નુકસાન પહોચ્યું હોવાના કોઈ અહેવાલ નથી. સ્થાનિક સમય અનુસાર મધ્યરાત્રીના ૧ અને ૨ વાગ્યાની વચ્ચે નેપાળના બાગલુંગમાં ૪.૭ અને ૫.૩ની તીવ્રતાના બે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેપાળના નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર અનુસાર, બુધવારે વહેલી સવારે નેપાળના બાગલુંગ જિલ્લામાં ૪.૭ અને ૫.૩ની તીવ્રતાના બે ભૂકંપ આવ્યા હતા. નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર પાસેથી મળેલી માહિતી અનુસાર, બાગલુંગ જિલ્લાના અધિકારી ચૌરા પાસે ૦૧:૨૩ (સ્થાનિક સમય) પર ૪.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ સિવાય ભારતના ઉત્તરાખંડમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં મધ્યરાત્રીના ૨:૧૯ વાગ્યે ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. આનાથી કોઈ નુકસાનના અહેવાલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૭ ડિસેમ્બરના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ૪.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો કે ભૂકંપના આ આંચકાને લઈને કોઈ જાનહાનિ કે માલ મિલકતને નુકસાન પહોચ્યું હોવાના અહેવાલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર મહિનાની ૯ અને ૧૦મી તારીખે મહારાષ્ટ્ર, હિમાચલ અને મણિપુરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દસમી ડિસેમ્બરે ૩૩ મિનિટની અંદર ત્રણ રાજ્યોમાં ધરતી ધ્રુજી ઉઠી હતી. ભૂકંપના આંચકા સૌ પ્રથમ મણિપુરના ચંદેલમાં સવારે ૧૧.૨૮ વાગ્યે અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૧ માપવામાં આવી હતી. મણિપુરના ચંદેલમાં અનુભવાયેલા ભૂકંપનુ કેન્દ્રબિંદુ જમીનથી ૯૩ કિમીની ઊંડાઈએ હતું. આની બે મિનિટ બાદ એટલે કે ૧૧.૩૦ વાગ્યે હિમાચલ પ્રદેશના ચંબામાં પણ ધરતી ધ્રૂજી હતી. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૮ નોંધાઈ હતી. આ ભૂકંપનુ કેન્દ્ર જમીનથી પાંચ કિલોમીટરની ઉંડાઈએ હતું.

આ પછી મહારાષ્ટ્રના નાંદેડમાં પણ દસમી ડિસેમ્બરે મધ્યરાત્રીના ૧૨.૦૧ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૦ માપવામાં આવી હતી. તેનું કેન્દ્ર ૫ કિમીની ઊંડાઈએ હતું. ત્રણેય રાજ્યોમાં આ ભૂકંપમાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નહોતા.

મહાઠગ આખરે પોલીસ પકડમાં, કરોડોની ઠગાઈ કરી નાસી છૂટેલા કલરવ પટેલની ૧૫ વર્ષે ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી

વડોદરા,

વડોદરા ક્રાઈમ બ્રાંચે મહાઠગ કલરવ પટેલને ૧૫ વર્ષે ઝડપી પાડ્યો. ભેજાબાજ કલરવ પટેલે ત્રણ માસમાં નાણાં ડબલ કરવાની લાલચે ૧૦ કરોડ રૂપિયાની ઠગાઈ આચરી હતી. ૧૫૦૦થી વધુ સભાસદોને ચૂનો ચોપડીને કલરવ પટેલ તાન્ઝાનિયા ભાગી ગયો હતો. મુંબઈ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓ સાથે સંકલનમાં રહી રેડ કોર્નર નોટિસ આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો કલરવ પટેલની ધરપકડ કરી. વડોદરામાં ગોત્રીમાં રહેતા કલરવ પટેલ સામે ૨૦૦૭માં ક્રાઈમ બ્રાંચમાં કરોડોની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. ૨૦૦૭માં ક્રાઈમ બ્રાંચમાં કરોડોની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી

થોડા દિવસો અગાઉ સહારા ઈન્ડિયાના સુબ્રતો રોય વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધવામાં આવી. સુબ્રતો રોય અને સ્વપ્રા રોય સહિત ૨૯ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. સહારા ઈન્ડિયાની વિવિધ સ્કીમમાં રોકાણ કરેલા ૪૪.૪૦ લાખ પરત નહીં આપી છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. ગોત્રીના સુભાષચંદ્ર ફુલ્લીએ વર્ષ ૨૦૦૦માં એજન્ટ ઉસ્માન પટેલ દ્વારા રોકાણ કર્યું હતુ. રોકાણના પૈસા પરત માંગતા સહારાના કર્મીઓએ માર મારવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે.

ઠારના કારણે ઠંડીનું જોર યથાવત : ગિરનાર પર્વત ઉપર ૫.૨, નલિયામાં ૮.૨ ડિગ્રી

ગાંધીનગર,

લઘુતમ તાપમાનના પ્રમાણમાં ગઈકાલે અમુક જગ્યાએ વધારો -ઘટાડો અને સ્થિર રહ્યા પછી આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં એક થી બે ડિગ્રી જેટલું તાપમાન નીચે ઊતર્યું છે. જોકે ભેજનું પ્રમાણ વધુ રહેતું હોવાના કારણે ઠાર અનુભવાય છે અને ઠારના કારણે ઠંડીનું જોર પણ તાપમાન વધી જવા છતાં યથાવત રહ્યું છે. સમગ્ર રાજ્યમાં આજે સૌથી નીચું તાપમાન ગીરનાર પર્વત પર ૫.૨ ડિગ્રી નોંધાયું છે. નલિયામાં ગઈકાલે ૮.૧ અને આજે ૮.૨ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું છે. ભુજમાં આજનું લઘુતમ તાપમાન ૧૧.૭ ડિગ્રી છે જે ગઈકાલના ૧૦ ડિગ્રીની સરખામણી પોણા બે ડિગ્રી જેટલું વધુ છે. ભાવનગરમાં ગઈકાલે ૧૩.૭ અને આજે ૧૪.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું છે. રાજકોટના લઘુતમ તાપમાનમાં આજે બે ડિગ્રીનો વધારો થયો છે. ગઈકાલે ૧૦ અને આજે ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે વેરાવળમાં ગઈકાલે ૧૫.૧ અને આજે ૧૭ ડિગ્રી તાપમાન રહ્યું છે. પોરબંદરમાં આજે ૧૧.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.અન્ય શહેરોના તાપમાન પર નજર નાખીએ તો ડીસામાં ૧૧.૪ વડોદરામાં ૧૪ અને કંડલામાં ૧૩.૬ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સુરતમાં ૮૫ વડોદરામાં ૮૪ અમદાવાદમાં ૭૧ રાજકોટમાં ૬૮ દ્વારકામાં ૬૩ ભુજમાં ૬૧ ડીસામાં ૬૮ અને વેરાવળમાં ૪૯ ડિગ્રી ટકા નોંધાયું છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ આગામી બે થી ત્રણ દિવસ સુધી લઘુત્તમ તાપમાનનો પારો ઊંચે ચડશે. પરંતુ આગામી તારીખ ૨૯ અને ૩૦ ના રોજ હિમાલયન રીજીયનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદ અને હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે અને ત્યારબાદ ફરી ઠંડીનો વધુ એક રાઉન્ડ આવે તેવી શકયતા છે.

ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધીની સુરક્ષા ચૂક : કોંગ્રેસે સરકારને લેટર લખ્યો

નવીદિલ્હી,

કોંગ્રેસ મહાસચિવે આ અંગે ગૃહ મંત્રાલયને એક પત્ર પણ લખ્યો છે, જેમાં તેમણે દિલ્હીમાં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલની સુરક્ષામાં થયેલી ખામી વિશે વાત કરી છે. કોંગ્રેસનો દાવો છે કે, રાહુલની સુરક્ષાના મુદ્દે દિલ્હી પોલીસ સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. કોંગ્રેસ પાર્ટીનો આરોપ છે કે, ૨૪ ડિસેમ્બરે યાત્રા દિલ્હી પહોંચી કે તરત જ રાહુલ ગાંધીની સુરક્ષામાં ઘણી વખત ભંગ થયો હતો અને દિલ્હી પોલીસ ભીડને નિયંત્રિત કરવામાં અને તેમની આસપાસ સુરક્ષા કોર્ડન જાળવવામાં નિષ્ફળ રહી હતી. રાહુલ ગાંધીને ઢ પ્લસ સુરક્ષા મળી છે. કેસી વેણુગોપાલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, આ પછી સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ. ભારત યાત્રામાં સામેલ કોંગ્રેસના કાર્યકરો અને મુસાફરોને સુરક્ષા બંદોબસ્ત કરવો પડ્યો હતો. કેસી વેણુગોપાલે પત્રમાં લખ્યું છે કે, દિલ્હી પોલીસ મૂક પ્રેક્ષક રહી અને ભીડને રોકવામાં નિષ્ફળ રહી. આ સિવાય જે લોકો રાહુલ ગાંધીને મળી રહ્યા છે તેમને ડરાવવા માટે ઈન્ટેલિજન્સ બ્યુરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.ૅ તેની સતત પૂછપરછ કરી રહી છે. કેસી વેણુગોપાલે યાદ અપાવ્યું કે, કલમ ૧૯ હેઠળ કોઈ પણ વ્યક્તિ અભિવ્યક્તિની સ્વતંત્રતા હેઠળ વિરોધ કરી શકે છે અથવા મુસાફરી કરી શકે છે અથવા પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધીની હત્યાને ટાંકીને કેસી વેણુગોપાલે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ તેના બે નેતાઓ ગુમાવ્યા છે. આવી સ્થિતિમાં તેઓ માંગ કરે છે કે, રાહુલ ગાંધીની સુરક્ષા સાથે કોઈ રાજકારણ ન રમવું જોઈએ.

એમ્સ બાદ હવે હેકર્સનો રેલવે સર્વર પર હુમલો : ૩ કરોડ પેસેન્જર્સના ડેટાની ચોરી

નવીદિલ્હી,

અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (એઈમ્સ)માં ડેટા ચોરીના પ્રયાસ બાદ હવે ભારતીય રેલવેના સર્વરમાં હેકર્સે હુમલો કરીને ૩ કરોડ પેસેન્જર્સના ડેટા ચોર્યાનો રિપોર્ટ બહાર આવતા ખળભળાટ ફેલાયો છે, અલબત, આ મામલે રેલવે કે કોઈ સરકારી અધિકારી દ્વારા પુષ્ટિ નથી કરવામાં આવી ઉપલબ્ધ રિપોર્ટ અનુસાર હેકર્સે રેલવે ટિકીટ બુક કરાવનાર ૩ કરોડ લોકોનો ડેટા ચોરી લીધો છે.

તેમાં વ્યક્તિગત જાણકારી જેમાં ઈ મેઈલ આઈડી, મોબાઈલ નંબર, સરનામુ, વય અને જાતિનો સમાવેશ થાય છે. રિપોર્ટ અનુસાર એક હેકર ફોરમે ૨૭ ડિસેમ્બરે આ ઘટનાને અંજામ આપ્યો હતો. હેકર ફોરમની અસલી ઓળખ બહાર નથી આવી પરંતુ તેને 'શેડો હેકર'ના નામથી ઓળખવામાં આવે છે.

આરોપ છે કે આ હેકર ફોરમ ૩ ક્રોડ પેસેન્જર્સનો ડેટા ડાર્ક વેબને વેચી રહ્યું છે. હેકર ગ્રુપે જણાવ્યું હતું કે તેની પાસે ભારતીય રેલવેમાં ટિકીટ બુક કરાવનાર ત્રણ કરોડ લોકોના ઈ-મેલ અને મોબાઈલ નંબર સહિતની ખાનગી જાણકારી ઉપલબ્ધ છે. હેકર્સ ગ્રુપે એવો ચોંકાવનારો આક્ષેપ કર્યો હતો કે તેણે અનેક સરકારી વિભાગોના અધિકૃત ઈ-મેલ એકાઉન્ટસ પણ ચોર્યા છે.

યુદ્ધના મેદાનમાં રશિયાને હરાવવા માંગે છે અમેરિકા, રુસી વિદેશ મંત્રીએ ભારતમાં નિવેદન આપ્યું

નવીદિલ્હી,

યુક્રેનના ૧૦ મહિનાના યુદ્ધ બાદ રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે કહ્યું છે કે આ અમેરિકા છે, જેના કારણે યુક્રેન સંકટનો ઉકેલ નથી આવી રહ્યો. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવનું આ નિવેદન ભારતમાં રશિયન દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવ્યું છે, જેમાં અમેરિકાને જોરદાર નિશાન બનાવવામાં આવ્યું છે. ભારતમાં રશિયન દૂતાવાસ દ્વારા જારી કરાયેલું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને શાંતિ માટે મદદ માંગી છે. અમેરિકા પર વરસ્યા રશિયન વિદેશ મંત્રી અમેરિકા પર વરસ્યા રશિયન વિદેશ મંત્રી ભારતમાં રશિયન દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે કહ્યું છે કે યુક્રેન સંકટનો સૌથી મોટો ફાયદો અમેરિકાએ ઉઠાવ્યો છે અને યુક્રેન સંકટ માટે અમેરિકા જવાબદાર છે. આ એટલા માટે છે કારણ કે, તેમણે કહ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સ આર્થિક અને લશ્કરી-વ્યૂહાત્મક દ્રષ્ટિએ યુક્રેનની કટોકટીમાંથી મહત્તમ લાભ મેળવવા માંગે છે. રશિયન સમાચાર એજન્સી સાથેની મુલાકાતમાં, લવરોવે કહ્યું હતું કે, "પશ્ચિમના દેશોની સામૂહિક ક્રિયાઓ અને વોલોડીમીર ઝેલેન્સકી દ્વારા નિયંત્રિત, યુક્રેન કટોકટીના વૈશ્વિક સ્વભાવની પુષ્ટિ કરે છે. તે હવે રહસ્ય નથી કે "યુદ્ધના મેદાનમાં "રશિયા પર જીત મેળવવી એ યુનાઈટેડ સ્ટેટ્સ અને તેના નાટો સહયોગીઓનું વ્યૂહાત્મક લક્ષ્ય છે. રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઈ લવરોવે કહ્યું કે, "વોશિંગ્ટન પરંપરાગત સંબંધોને નષ્ટ કરવાના હેતુથી એક મહત્વપૂર્ણ ભૌગોલિક રાજકીય લક્ષ્યને સંબોધિત કરી રહ્યું છે."

તેમણે કહ્યું કે અમેરિકાનું લક્ષ્ય રશિયા અને યુરોપિયન દેશો વચ્ચેના સંબંધોને બગાડવાનું છે અને તેના દ્વારા તે પોતાના યુરોપિયન ઉપગ્રહોને વધુ શક્તિશાળી બનાવવા માંગે છે. તેમણે વધુમાં કહ્યું કે, "અમેરિકા તેના સંરક્ષણ ઉદ્યોગ માટે આવનારા વર્ષો માટે મોટા ઓર્ડર આપવા જઈ રહ્યું છે, જેથી યુક્રેનની જરૂરિયાતો પૂરી થઈ શકે અને તેના પશ્ચિમી સાથીઓએ પણ તે જ કરવું જોઈએ." એડવાન્સ હથિયારો હસ્તગત કરવામાં આવી રહ્યા છે, જે નમૂના તરીકે છે. અને આવા શસ્ત્રોનો હજુ પશ્ચિમી દેશોમાં સમાવેશ કરવામાં આવ્યો નથી અને અમેરિકા તેના દ્વારા તેના શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યું છે, જેથી તે જોઈ શકાય કે આ હથિયારોનો ઉપયોગ યુદ્ધમાં તમે કેવી રીતે કરી રહ્યા છો. " ૪૦ અરબ ડોલરની મદદ ૪૦ અરબ ડોલરની મદદ યુનાઈટેડ સ્ટેટ્સે અત્યાર સુધીમાં યુક્રેનને ૪૦ બિલિયન ડોલરની સૈન્ય અને ફેબ્રુઆરીમાં રશિયન આક્રમણ બાદ અન્ય સહાય પૂરી પાડી છે, જે ઘણા યુરોપિયન દેશોના સંયુક્ત લશ્કરી બજેટ કરતાં વધુ છે. ૧૫ નવેમ્બરની ઘટનાને યાદ કરતા રશિયાના વિદેશ મંત્રીએ કહ્યું કે તે દિવસે પોલેન્ડની સરહદની અંદર એક યુક્રેનિયન મિસાઈલ છોડવામાં આવી હતી, જેને યુક્રેને રશિયન મિસાઈલ સાબિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સદનસીબે અમેરિકા અને નાટો આટલા હોશિયાર નીકળ્યા. કે તેઓએ યુક્રેનિયન જૂઠ પકડ્યું, પરંતુ આ ઘટનાએ સાબિત કર્યું કે યુક્રેનિયન શાસન આટલેથી અટકવાનું નથી. તે જ સમયે, યુદ્ધમાં પરમાણુ હથિયારોના ઉપયોગને લઈને આક્રમક નિવેદનબાજી અંગે, રશિયન વિદેશ મંત્રીએ કહ્યું, "તેઓ બેજવાબદાર નિવેદનો આપતા રહે છે કે રશિયા યુક્રેન વિરુદ્ધ પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવા જઈ રહ્યું છે, અને આ માટે તે કેટલાક રશિયન નિવેદનોને ટાંકે છે. પરંતુ વાસ્તવમાં આવું કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી."

ભારતની રક્ષા નિકાસમાં મોટી સફળતા, 'બ્રહ્મોસ' મિસાઈલ ખરીદનાર ફિલિપાઈન્સ પ્રથમ દેશ બન્યો

નવીદિલ્હી,

બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડે ફિલિપાઈન્સ નેવીના મરીન કોર્પ્સ ને બ્રહ્મોસ શોર-આધારિત એન્ટિ-શિપ મિસાઈલ સિસ્ટમનો પુરવઠો શરૂ કર્યો છે. ૨૯૦ કિમીની રેન્જ સાથે, તે દક્ષિણ ચીન સમુદ્રના ભાગોને આવરી લેવા માટે પૂરતું સારું છે. ફિલિપાઈન્સ નેવીએ ભારત પાસેથી ૩૭૪ મિલિયન ડોલરમાં બ્રહ્મોસની ત્રણ બેટરીઓ ખરીદી છે. ત્યારબાદ, વિયેતનામ, ઈજિપ્ત અને ઓમાન સહિતના ઘણા દેશોએ 'બ્રહ્મોસ' મિસાઈલોની ખરીદીમાં ખૂબ રસ દાખવ્યો છે. બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડએ ફિલિપાઈન્સને સુપરસોનિક 'બ્રહ્મોસ' ક્રૂઝ મિસાઈલ સિસ્ટમની સપ્લાય માટે ગયા વર્ષે ૨૮ જાન્યુઆરીએ ફિલિપાઈ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

મહીસાગર જિલ્લામાં ડ્રોન ટેકનોલોજીથી નેનો યુરિયાનો છંટકાવના મળી રહ્યા છે સારા પરિણામો

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર, રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા આયોજીત ડ્રોન ટેકનોલોજી ઇફ્કો નેના યુરિયા છટકાવ યોજનાનો પ્રારંભ થયો છે. મહીસાગર જિલ્લામાં કૃષિ ક્ષેત્રમાં ડ્રોન ટેકનોલોજીનો વ્યાપ વિસ્તરી રહ્યો છે. ખેતરના પાકમાં ડ્રોન વડે દવા છંટકાવ કરવાની સરકારની ખેડૂત હિતલક્ષી યોજનાની શરૂઆત બાદ મહીસાગર જીલ્લામાં ૧૧૮ ખેડૂતોએ ૧૯૮ એકરમાં નેનો યુરિયા દ્વારા પોતાના ખેતી પાકોમાં ડ્રોન વડે છંટકાવ કરવાની એક માસ અગાઉ શરૂઆત કરી હતી. જેની જિલ્લા ખેતીવાડી વિભાગના અધિકારી જે આર પટેલના માર્ગદર્શનમાં મદદનીશ ખેતી નિયામક સાજીદભાઈ વ્હોરા ગ્રામ સેવક, ઇફ્કોના પ્રતિનિધિ સહિતની ટીમે બાલાસિનોર તાલુકાના જેઠોલી અને વીરપુર તાલુકાના નાસરોલી ખેડૂતોની મુલાકાત લીધી હતી.

બાલાસિનોર તાલુકાના જેઠોલી ખાતે જે ખેતરમાં એક માસ અગાઉ નેનો યુરિયા નો છંટકાવ કર્યો તે ખેતરોમાં ખેડૂતોને સાથે રાખી નેનો યુરિયાના ઉપયોગથી ખેતીપાકના છોડ પર થયેલ સારા પરિવર્તન અંગે ચર્ચા વિચારણા કરી હતી. જેઠોલી ગામના ખેડૂત કાંતિભાઈ પટેલે પોતાના ખેતરમાં સારું પરિણામ મળતા ખેડૂતોએ અન્ય ખેડૂતોને નેનો યુરિયાનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

વિરપુર તાલુકાના નાસરોલી ખાતે ખાતે નેનો યુરિયાનો ડ્રોનના ઉપયોગથી છંટકાવનું નિદર્શનથી ખેડૂતોએ ખુશી વ્યકત કરી પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યા હતા. ઉત્સાહી ખેડૂત જયેશભાઈએ નેનો યુરિયાથી જમીનની જાળવણી, જરૂરિયાત મુજબનું નાઈટ્રોજન અને વધુ ઉત્પાદન મળે તેમજ નેનો યુરિયા ઓછી જગ્યા રોકે, વહન સરળતાથી થઈ શકે છે અને ઓછી કિંમતે વધુ ઉત્પાદન આપી ખેતી ખર્ચમાં ઘટાડો થાય અને ખેડૂતની આવક વધે છે તેમ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, પાકના સારા ઉત્પાદન માટે ઘણા પ્રકારના ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નેનો યુરિયા એક સુરક્ષિત વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. નેનો યુરિયા લિક્વિડ ફર્ટિલાઇઝર યુરિયાનું પ્રવાહી સ્વરૂપ છે. એક એકર માં ૫૦૦ મિલી થી નાઈટ્રોજન ની પૂર્તિ થઈ શકે છે. સૌથી સારી વાત એ છે કે નેનો યુરિયા પર્યાવરણને કોઈ નુકસાન કરતું નથી. આ સ્પ્રે નો છટકાવ જે છોડ દ્વારા શોષાય છે તેની સારી અસરકારકતા છે મહત્વનું છે કે, ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતોનો સમય, ઉર્જા અને કૃષિખર્ચ બચશે અને કૃષિમાં સમૃદ્ધિ માટે યાંત્રિકીકરણને પ્રોત્સાહન મળી રહ્યું છે.

લુણાવાડાના પાવાપુર ગામે કડાણા ડાબા કાંઠાની નહેર ઓવરફલો થતાં ખેતરોમાં પાણી ફરી વળ્યા

લુણાવાડા, લુણાવાડા તાલુકાના પાવાપુર ગામ પાસે કડાણા ડાબા કાંઠા નહેરના પાણી ખેતરોમાં ભરાઈ જતા ઉભા પાકને નુકસાન થવા પામ્યુ હતુ. પહેલા ખાતર માટે ધકકા ખાધા બાદ ખેતરમાં હવે નહેરના પાણી ભરાઈ જતા અંદાજે ૫ થી ૭ હેકટર જમીનના પાકને નુકસાન થતાં ખેડુતોમાં રોષ જોવા મળ્યો છે.

કડાણા ડેમમાંથી નીકળતી ડાબા કાંઠાની નહેરના પાણી ખેડુતોના ખેતરમાં ભરાયા હતા. ખેતરોમાં પાણી ભરાઈ જવાને કારણે ઉભા પાકને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. લુણાવાડાના પાવાપુર પાસે કડાણા ડેમમાંથી નીકળતી કડાણા ડાબા કાંઠા સબ માઈનોર કેનાલ ઓવરફલો થતાં માળિયા, કારવા ગામના ખેતરોમાં ઉભેલા પાકમાં પાણી ભરાઈ ગયા હતા. અવાર નવાર ખેતરોમાં પાણી ભરાઈ જતા ખેડુતોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ખેતરોમાં પાણી ભરાવાને કારણે પાકને મોટાપાયે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કારણ કે ખેતરમાં વાવેલા ઘઉં અને ભણા સહિતના ઉભા પાકને પાણી ભરાઈ જવાથી નુકસાન પહોંચ્યુ છે. આ પંથકમાં આવેલા મોટાભાગના ખેતરો પાણીમાં ગરકાવ થયા છે. પાણી ખેતરોમાં ઘુસતા અંદાજે ૫ થી ૭ હેકટરમાં ખેતીને નુકસાન થવાની ભિતી વચ્ચે ખેડુતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. આવી ઘટના વારંવાર બનતી હોય છે નહેર ખાતાના ઈજનેર દ્વારા નકકર કામગીરી કરીને ખેડુતોને નુકસાન ન થાય તે માટે યોગ્ય પગલા લેવામાં આવે તે જરૂરી બન્યુ છે.

કડાણાના રીંગણીયા પંચાયતમાં સમય મર્યાદામાં માહિતી પુરી ન પાડતા તલાટીને ૫ હજારનો દંડ ફટકારતુ આયોગ

દિવડાકોલોની, રીગણીયા પંચાયતમાં અરજદારને સમયમર્યાદામાં માહિતી/નિર્ણય ન આપતા તા.૨૯ સપ્ટે.૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારીને માહિતી અધિકારની કલમ હેઠળ ડાહ્યાભાઈ પટેલે પ્રભુદાસ પટેલ અને મુળજીભાઈ પટેલે ક્યા સર્વે નંબરમાં મકાન બનાવેલ છે. તેની પરવાનગીના આધાર પુરાવાની માંગણી કરી હતી. તેનો નિર્ણય ન કરતા આયોગમાં બીજી અપીલ કરી હતી. આયોગે હુકમ કરી સત્તાધિકારીને પ્રથમ અપીલનો દિન-૩૦માં નિર્ણય કરવા જણાવેલ હતુ. પ્રથમ અપીલનો કોઈ નિર્ણય ન કરતા પુનઃ બીજી અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન જરૂરી નિર્ણય કરવા પ્રથમ અપીલ અધિકારી અને ટીડીઓને આદેશ કર્યો હતો. જાહેર માહિતી અધિકારી અને રીગણીયા ગ્રામ પંચાયતના તત્કાલિન તલાટી બી.એન.બારીયા (હાલ ડોળી પંચાયતમાં ફરજ બજાવતા)ને પ્રથમ દ્રષ્ટિએ જવાબદાર ગણી માહિતી અધિકાર અધિનિયમની કલમ હેઠળ રૂ.૫૦૦૦ નો દંડ કર્યો હતો. છતાં માહિતી પુરી પાડી ન હતી.

મહીસાગર જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક કલેકટરની અધ્યક્ષ સ્થાને યોજાઈ

મહીસાગર, મહીસાગર જિલ્લાના પ્રવાસન હસ્તક પ્રોજેક્ટ/સાઈટ પર થયેલ કામગીરીની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ.

બેઠકમાં જિલ્લાના માનગઢ હિલ પ્રોજેક્ટ,રૈયોલી ડાયનાસોર ફોસીલ પાર્ક થયેલ કામગીરીની, સાતકુંડા પ્રોજેક્ટ વન વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત બેઠકમાં કેદારેશ્વર મહાદેવ મોજે જનોડ, તા.બાલાસિનોરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી અને સંતરામપુર તાલુકાના નાની સરસણ ખાતે આવેલ ભિલોડિયા મહાદેવ મંદિરનો પ્રવાસન ધામ તરીકે વિકસાવવા ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે ડી લાખાણી,અધિક નિવાસી કલેક્ટર સી.વી.લટા, આયોજન અધિકારી, પ્રાંત અધિકારીઓ, નાયબ વન સરક્ષક, મહીસાગર સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દે.બારીયા શહેરમાં દબાણ હટાવવાની કાર્યવાહી સતત જારી રખાતા ગરીબ વેપારીઓ ધંધા વેપાર વગરના થયા... કોણ જવાબદાર...

દે.બારીયા, દે.બારીયા નગર પાલિકાના દ્વારા દબાણ હટાવવાનો કયા અને કોનો આદેશ છે. નગર પાલિકાના નિયામક અથવા જીલ્લાપદના અધિકારી કે પછી નગર પાલિકાની બોડીનો અને દબાણનો માપદંડ કેટલા મીટર રોડની વચ્ચેથી છે. ૨૦૦ મીટર તો હાઈવે રોડના વચ્ચેથી હોય છે. નગર પાલિકામાં તો અફરશાહી ચાલે છે. કોઈ પદના અધિકારી હાજર દેખવા મળતા નથી. આ બાબતે નગર પાલિકા વડોદરા ઝોનના નિયામક તપાસ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે. શું ? જયાં સરમુખ્તયારશાહી ચલાવીને દબાણો હટાવવામાં આવ્યા છે. ત્યાં શું ? કેબીનો અથવા પાકી શટરો ઉભી કરવાના પેંતરા તો રચાતા નથી. જો આ મનસુબા બનાવીને મનમન રાખ્યા હોય તો જે તે પીડીત વેપારીને પ્રથમ લાભ આપવો રહ્યો. જે પ્રમાણે શુકવારીના પથારાવાળા વેપારીઓએ કોર્ટના દ્વાર ખખડાવ્યા તે પ્રમાણે આ વેપારીઓ જવા મજબુર થશે તેમાં બે મત નથી.

પાલિકાના દ્વારા શહેરના મુખ્ય બજાર કન્યાશાળા રોડ તેમજ સમડી સર્કલ ખાસ કરીને શુકવારી બજાર, ટાવર રોડના સરકારી હોસ્પિટલ પાસેના દબાણો ધાનપુર રોડના દબાણો હટાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. દુકાનોની આગળના શેડ તેમજ લારી ગલ્લા, કેબીનો, પથારાવાળાઓને હટાવવાની ઝુંબેશ જારી સારી છે. ખાલી શનિ, રવિ વિરામ રાખવામાં આવ્યો હતો. તા.૨૬/૧૨/૨૦૨૨ સોમવારના રોજ પણ દબાણ હટાવવાની કાર્યવાહી જારી હતી. તા.૨૭/૧૨/૨૦૨૨ સોમવારના રોજ નગર પાલિકા બોડીની સામાન્ય મીટીંગ હોવાના કારણે કાર્યવાહી બંધ હતી. તા.૨૮/૧૨/૨૦૨૨ બુધવારના રોજ પણ સંચાગલીના નાકેથી નગર પાલિકાન શોપીંગના પાછળની દુકાનો જે દબારણ કરી રાખ્યા છે. તે હટાવવામાં આવશે... ખરાં ? નગર પાલિકાન કોમ્પ્લેકસ પાછળના ગેરકાયદે દબાણો આગળની દુકાનદાર લીજધારકોએ પાકા બાંધ કાર્યો છે. તે દબાવી લીધા છે. આ વર્ષોથી દબાણો કરી રાખ્યા છે. જેથી નિયામક આ સ્થળની અવશ્ય મુલાકાતે આવે તો ઘણું બધું ગેરકાનૂની દબાણોના કૌભાંડ બહાર આવશે. કબજે કરેલી પાછળની લોબી સાથે પાછળની શટરોને ગેરકાનુની રીતે હાલમાં પણ કબજે કરેલી છે. તે પાછળની તમામ દુકાનોને ખુલ્લી કરીને લીજ પેટે આપવાની જાહેર હરાજી કરવામાં આવે તો પાલિકાને કરોડોની આવક મેળવવાની સંભાવના છે. પણ આ દબાણની ચાલુ ઝુંબેશમાં આ દુકાનો અને લોબી સાથે દબાણો દુર કરવાની કાર્યવાહી કરીને ખુલ્લી કરવામાં આવે તો જ આમ, ગરીબ પથારાવાળા, નાના વેપારીઓને હેરાન કરવાનું બંધ થાય મોટા માથાના વેપારીને બચાવવાનું બંધ થાય તેવી માંગ ઉઠવા પામી છે. જેથી વડોદરા ઝોનના નગર પાલિકા નિયામક દે.બારીયા પાલિકા અને શહેરના વિવાદિત શોપીંગ સેન્ટરની મુલાકાતે આવે તેવી રીકવેસ્ટ છે. ગાંધીના ત્રણ બંદર સાચું સાંભળા નથી. સાચું દેખાતું નથી અને સાચું બોલાતું નથી. તેવું શહેરમાં દેખવા મળી રહ્યું છે. જીસ કી લાઠી ઉસ કી ભેંસ ચાલે છે.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

દેશ-વિદેશની ૪૬ જેટલી પ્રાકૃતિક દુર્ઘટનાઓમાં પ્રમુખસ્વામી મહારાજે રાહતની વણથંભી વણઝાર સર્જી



: સેવા દિન :

- અનેક પ્રાકૃતિક આપત્તિઓમાં નિઃસ્વાર્થ સેવા દ્વારા લાખો લોકોને નવજીવન આપનાર પરમ હિતકારી કરૂણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપતાં મહાનુભાવો.

- દેશ-વિદેશની ૪૬ જેટલી પ્રાકૃતિક દુર્ઘટનાઓમાં પ્રમુખસ્વામી મહારાજે રાહતની વણથંભી વણઝાર સર્જી.

- ગુજરાતના અંતરિયાળ ગામડાઓથી લઈને મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને તામિલનાડુથી સુધી, અંદમાન-નિકોબારના ટાપુઓથી લઈને નેપાળ, આફ્રિકા, અમેરિકા કે જાપાનની દુર્ઘટનાઓમાં પણ સેવાઓનો પ્રવાહ પ્રમુખસ્વામી મહારાજે વહાવ્યો.

- દોઢ કરોડથી વધુ અસરગ્રસ્તોને ધર્મ-જાતિ-પ્રાંત-દેશના ભેદભાવ વિના રાહત આપી.

- ૧૯૭૯-મોરબી રેલ હોનારત, ૧૯૮૭-ગુજરાત દુષ્કાળ, ૧૯૯૩-લાતૂર ભૂકંપ-મહારાષ્ટ્ર, ૨૦૦૧- ભૂકંપ, ભુજ-કચ્છ, ૨૦૦૪-સુનામી-દક્ષિણ ભારત, ૨૦૦૬-રેલ હોનારત-સુરત, ૨૦૧૩-વાવાઝોડું, ઓકલાહોમા, અમેરિકા, ૨૦૧૩-રેલ હોનારત, ઉત્તરાખંડ, જેવી અનેક આપત્તિઓમાં સહાય આપી.

- કોરોનાકાળમાં મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી રાહતસેવાની ભાગીરથી વહી.

: પ્રમુખસ્વામી મહારાજના રાહતકાર્યોની એક અલ્પ ઝલક :

: ૧૯૮૭ દુષ્કાળ :

- ૮ મહિનાથી ૧ વર્ષ સુધી કેટલકેમ્પ ચલાવ્યા.
- ૧૦,૦૦૦ પશુઓને સાચવ્યા હતા.
- માર્ચ ૧૯૮૮ થી મે ૧૯૮૮ એટલે કે ૩ મહિનામાં
- છાશ વિતરણ૧૯૫ કેન્દ્રોમાં ૧,૨૭,૫૭,૦૦૦ લોકોએ લાભ લીધો.
- અનાજ વિતરણ ૧૩ જિલ્લાઓમાં ૨,૨૩,૮૦૦ કિલો અનાજનું વિચરણ.
- ઘાસ વિતરણ ૩,૧૨,૯૫, ૦૦૦ કિલો.
- સુખડી વિતરણ ૧૮,૦૦૦ કિલો.
- શિક્ષણ સહાય પુસ્તક વિતરણ અને ગોંડલ ગુરૂકુળ ફી માફ.

: ૨૦૦૧ ભુજ ભૂકંપ :

- કુલ ૧૮ લાખ લોકોને ભોજન, ૪૫ દિવસ સુધી રોજ ૪૦,૦૦૦ લોકોને ભોજન.
- કુલ ૪,૧૯૦ ભૂકંપગ્રસ્ત ઘરો સહિત ૧૫ દત્તક ગામોનું નિર્માણ અને પુનર્વસન.
- કુલ ૧૫,૦૦૦ વિદ્યાર્થીઓના લાભાર્થે ૪૯ ભૂકંપગ્રસ્ત શાળાઓનું નિર્માણ.
- કુલ ૯૧,૦૦૦ દર્દીઓની વિના મૂલ્યે વિતરણ સેવા.
- કુલ ૪૦૯ ગામોમાં રાહત-સમગ્રીનું વિતરણ અને ૨,૫૦૦ લોકોને રોજગાર.

પ્રમુખસ્વામી મહારાજ પ્રેરિત રાહતસેવાઓના કાર્યને આગળ ધપાવતાં મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી BAPS દ્વારા કોરોના સમયમાં અભૂતપૂર્વ રીતે હાથ ધરવામાં આવ્યું હતું.

- કોરોના વોરિયર્સ માટે ૧,૮૦,૦૦૦ થી વધારે પી. પી. ઇ કીટનું વિતરણ કરવામાં આવ્યું.
- ૨,૦૦,૦૦૦ થી વધુ ગ્રામીણ-પછાત દર્દીઓની મોબાઈલ દવાખાના દ્વારા સારવાર.-
- ૨૫૦ થી વધુ હોસ્પિટલોને દેશ-વિદેશમાં વિવિધ સ્તરે સહયોગ આપવામાં આવ્યો.
- ૧,૦૦૦ થી વધુ હોસ્પિટલ બેડ્સનું દાન કરવામાં આવ્યું.
- ૫,૦૦૦ લિટરથી વધુ સેનીટાઈઝરનું દાન કરવામાં આવ્યું.
- તનની સાથે મન અને આત્માની તંદુરસ્તી માટે ૩૦,૦૦,૦૦૦ થી વધુ લોકોએ ઓનલાઈન સત્સંગનો લાભ મળ્યો.
- ૨,૫૬,૦૦૦ થી વધુ લોકોને ફોન કોલ્સ દ્વારા હૂંફ અને માર્ગદર્શન અપાયાં.
- ૧૧,૦૦૦ થી વધુ સ્વયંસેવકોએ વિવિધ સ્તરે સેવાઓ આપી.
- ૧૩૨ મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજનની સાથે કાર્યોજેનિક ટેન્કસ.
- ૭૮ લાખ લિટર કરતાં વધુ ઑક્સીજનયુક્ત સિલિન્ડર્સનું વિતરણ.
- ૧૩૦૦ કરતાં વધુ ઑક્સીજન કોન્સનટ્રેટર્સનું અનેક સ્થળોએ વિતરણ.

: સંધ્યા સભા :

સેવા દિનની વિશિષ્ટ સભાનો આરંભ BAPS ના સંગીતવૃંદ દ્વારા ૪:૪૫ વાગ્યે ધૂનકીર્તન સાથે થયો હતો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના બૃહદ જીવનચરિત્રનું આલેખન કરનાર BAPS ના પૂ. આદર્શજીવન સ્વામીએ પ્રમુખ ચરિતમ પ્રવચનમાળા હેઠળ પ્રમુખસ્વામી મહારાજના અભૂતપૂર્વ રાહતકાર્યોની ઝાંખી કરાવી હતી.

BAPS ના સંત પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ જે પીડ પરાઈ જાણે રે વિષયક પ્રવચનમાં પ્રમુખસ્વામી મહારાજે કરેલાં અભૂતપૂર્વ સેવાકાર્યોની ગાથાઓ વર્ણવી હતી.

ત્યારબાદ કરૂણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ વિષયક વિડિયો પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં દેશ-વિદેશમાં અનેક સ્થળોએ અસરગ્રસ્તોની વહારે દોડનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ, કરૂણાભર્યાં અનેક કાર્યોની વિશેષતા વર્ણવવામાં આવી.

આજના આમંત્રિત મહાનુભાવોમાંથી અનેક મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજના ભવ્ય-દિવ્ય જીવનને અંજલિ આપી હતી.

શ્રી સુધાંશુ ત્રિવેદી, મેમ્બર ઓફ પાર્લામેન્ટ, વરિષ્ઠ રાષ્ટ્રીય પ્રવક્તા.

શ્રી વિનય સહસ્ત્રબુદ્ધે, પ્રમુખ, ઇંડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ અને મેમ્બર ઓફ પાર્લામેન્ટ.

શ્રી શંકરભાઈ ચૌધરી, સ્પીકર ગુજરાત વિધાનસભા.

શ્રી પી. કે લહેરી (IAS), પૂર્વ ચીફ સેક્રેટરી, ગુજરાત સરકાર.

શ્રી અફરોઝ અહમદ, મેમ્બર, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ.

શ્રી વલ્લભભાઈ સવાણી, ડિરેક્ટર પી પી સવાની ગ્રુપ.

શ્રી અરવિંદ બબ્બલ, જાણીતા નિર્માતા અને દિગ્દર્શક.

શ્રી ચિંતુભાઈ પટેલ, Co Founder Co-Chief એક્ઝિક્યુટિવ ઓફિસર -Amneal ફાર્માસ્યુટિકલ્સ.

ડો. અજયભાઈ શાહ, પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ અમેરિકા (VHPA).

મિ. હેરી શેરીડોન, પૂર્વ પર્સનલ સેક્રેટરી, ડો. એ.પી.જે.અબ્દુલ કલામ.

: પ્રમુખ સ્વામી નગરમાં નારી ઉત્કર્ષ મંડપમાં વિશિષ્ટ સભાનું આયોજન :

BAPS મહિલાપ્રવૃતિ દ્વારા આજે ડો. રતનકંવર ગઢવિચરન, કુસુમ કૌલ વ્યાસ અને અમી પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડો. રતનકંવર ગઢવિચરન (IAS, MBBS) સમગ્ર શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. આ પૂર્વે તેઓએ ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર તરીકે, MSME ઇંડસ્ટ્રી કમિશનર તરીકે, હેલ્થ ડેપ્યુટી સેક્રેટરી તરીકે અને ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે પંચમહાલ, મહિસાગર, પાટણમાં સેવાઓ બજાવી છે.

તેમણે જણાવ્યું કે, ભગવાન સ્વામિનારાયણે નારી ઉત્થાનના જે બીજ ૨૦૦ વર્ષ પહેલાં વાવ્યાં હતા તેના ફળ આજે મળી રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજ નગરમાં જે રીતે મહિલા સ્વયંસેવકો વિવિધ જવાબદારીઓ સંભાળી રહ્યા છે. તે નારી શક્તિ અને કૌશલ્યનું પ્રમાણ છે. વસુધૈવ કુટુમબકમ ની ભાવનાથી યોજાયેલ આ મહોત્સવ સમાજમાં જરૂરી નૈતિક મૂલ્યો અને શુભ ભાવનાઓનું પ્રવર્તન કરશે. આપણે સૌએ પણ નિસ્વાર્થભાવે શક્ય એટલી સેવા કરવી જોઈએ.

આયુનેટ હેલ્થકેર તેમજ ટ્રાન્સ સ્ફીયર ટેકનોલોજીસના ડિરેક્ટર, વિમેન વિંગ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ચેરપર્સન, ઝેસ્ટ વર્લ્ડવાઈડ કોમ્યુનિકેશન્સના માલિક અને ઉત્કર્ષ હેલ્થકેર ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી એવા કુસુમ કૌલ વ્યાસે જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ૨-૩ કાર્યક્રમમાં સામેલ થવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની આંખો ખૂબ પ્રભાવક હતી. જ્યારે હું તેમના ફોટોગ્રાફ સામે જોઉં છું, ત્યારે તેમની અમી નીતરતી આંખો હૃદય સોંસરવી ઉતરી જાય છે. એટલા માટે જ તેઓ સમગ્ર વિશ્વમાં પ્રેમ, આનંદ અને સારપ પ્રસરાવી રહ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજનું સૌથી મોટું પ્રદાન એ હતું કે તેમણે સનાતન ધર્મને જીવંત રાખ્યો છે. અબુધાબીમાં નિર્માણાધીન BAPS હિન્દુ મંદિરને એક ઐતિહાસિક ઘટના તરીકે તેમણે ઉલ્લેખ કર્યો હતો અને આવા સર્જનના સાક્ષી બનવા માટે અહોભાવ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગરમાં ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા અમી પટેલે જણાવ્યું. પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સ્વયંસેવિકાઓ તરીકે જોડાયેલા મહિલાઓને બિરદાવ્યા હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે તેઓના સુદૃઢ, આધ્યાત્મિક જોડાણની સ્મૃતિઓને તેમણે વાગોળી હતી. તેમણે જણાવ્યું, એ યાદ રાખવું આવશ્યક છે કે ભગવાન હંમેશા આપણાં શ્રેષ્ઠ હિતમાં હોય તેવું કરે છે.

આપની આજ.....

મેષ : આજે કાર્યમાં ઉત્સાહ રહેશે. અટકેલા કામ ઓછા પ્રયત્નોથી પૂર્ણ થશે. આજે બનાવેલી નવી યોજનાઓ બપોરે વધુ ફળદાયી થશે. સામાજિક કારણો માટે સમય આપવો પડી શકે છે.

વૃષભ : આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે પરંતુ આ માટે વધુ સંકલ્પ શક્તિની જરૂર રહેશે. કાલ્પનિક દુનિયા છોડવાના ફાયદા અને ગેરલાભ તમારી માનસિકતા પર આધારિત છે. જવાબદારી સાથે કાર્ય કરો, આર્થિક વ્યવહાર કરો તે ભવિષ્યમાં લાભકારી સાબિત થશે.

મિથુન : આજે પણ સંજોગો તમારી તરફેણમાં રહેવાથી લાભની ઘણી તકો મળશે. ધંધામાં વધારાને કારણે આવકમાં વધારો થશે અને નવા સ્રોતોથી પણ પૈસાનો લાભ મળશે. રોકાણ માટે દિવસ ખૂબ જ શુભ છે.

કર્ક : આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. અસામાન્ય સ્વાસ્થ્યને કારણે શારીરિક નબળાઈનો અનુભવ થશે. આજે મન લગાવ્યા વિના કામ કરવું પડી શકે છે. આનંદ આવશે અને અચાનક પૈસા મળશે.

સિંહ : આજે તમે સામાજિક કાર્ય દ્વારા કેટલાક ઉદ્દેશ પ્રાપ્ત કરશો. ઓફિસનું વાતાવરણ કાર્ય માટે યોગ્ય રહેશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળતો રહેશે. ઘરે ધંધાની નારાજગીના કારણે કારણે મતભેદ વધી શકે છે.

કન્યા : આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. સરળતાથી સ્પર્ધકો પર જીત મેળવશો. કાર્યક્ષેત્રમાં પણ દિવસ પ્રસન્નતાનો રહેશે, ભૂતકાળમાં કરેલી મહેનતનું ફળ મળવાનું શરૂ થશે.

તુલા : આજનો દિવસ તમારી પરીક્ષા જેવો છે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારા પરિણામ લાવશે. મિત્રોના સમર્થનથી તમે કોઈપણ મોટા પ્રોજેક્ટને અંતિમ રૂપ આપશો.

વૃશ્ચિક : આજે તમારો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. તમારી મહત્વાકાંક્ષાઓની પરિપૂર્ણતા તમને દિવસભર ખુશ રાખશે. આજે તમે સ્વાસ્થ્યને લઈને થોડા અસ્વસ્થ થશો, કેટલાક લોકો શરદીથી પરેશાન થઈ શકે છે.

ધન : શરૂઆતમાં તમે નવા કામમાં થોડી અડચણ અનુભવશો. મિત્રો અને સંબંધીઓ સાથે લાંબી મુસાફરીનું આયોજન કરવામાં આવશે, ઘરમાં કોઈના આગ્રહને પરિપૂર્ણ કરવાને કારણે નાના ખર્ચ પણ થશે.

મકર : આજનો દિવસ તમને ખુશી અને શાંતિ આપશે. સમય પસાર કરવા માટે તમને મનોરંજનના સાધન મળશે, તમને આમાં મિત્રોનો ટેકો મળશે. પરંતુ બપોરે કામમાં વ્યસ્ત હોવાને કારણે મનોરંજનના કાર્યક્રમો રદ કરવા પડશે.

કુંભ : આજે દિવસભર નરમ સ્વાસ્થ્ય હોવાને કારણે શારીરિક ક્ષમતાઓ ઓછી રહેશે. કામના ભારણમાં વધારો થવાને કારણે તમને ઘણી મુશ્કેલીનો અનુભવ થશે.

મીન : આજે તમારો દિવસ ચપળતાથી ભરપૂર રહેશે. તમારા સાથીઓ હળવા મૂડમાં રહેશે અને પહેલા કરતાં વધુ કામ કરવાની તેમની ઈચ્છા વ્યક્ત કરશે. નાણાકીય સમસ્યાનું સમાધાન પણ બહાર આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દાહોદના દેલસર ગામના આદિવાસીઓની

જમીનો બનાવટી દસ્તાવેજોના આધારે પચાવી પાડવાના ગ્રામજનોએ કલેકટરને આવેદન આપ્યું

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામે રહેતાં કેટલાંક આદિવાસી સમાજના લોકોની જમીનોને કેટલાંક અસામાજીક તત્વો દ્વારા ખોટા અને બનાવીટ દસ્તાવેજો ઉભા કરી જમીનો પચાવી પાડી તેમજ આદિવાસી વ્યકિતઓની જમીનો ઉપર ૭૩–એએના નિયંત્રણો લગાવી દેતાં આ મામલે ગ્રામજનો દ્વારા આજરોજ દાહોદ જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી જમીન ઉપરથી ૭૩–એએ ના નિયંત્રણો ગેરરીતિ પુર્વક દુર કરવા બાબતે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

દાહોદ તાલુકાના દેલસર ગામે દેવડુંગરી ફળિયામાં રહેતાં છગનભાઈ બદીયાભાઈ નિસરતા, ગેમાબેન બદીયાભાઈ નિસરતા, જેલકીબેન રામસિંગભાઈ ભાભોર, સુનામીબેન કેસીયાભાઈ ડામોર અને બેનાબેન ગેસમભાઈ નિસરતાનાઓએ આજરોજ દાહોદ જિલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, આદિવાસી વર્ગની વ્યકિતની જમીન ઉપરથી ૭૩– એએ ના નિયંત્રણો ગેરરિતીપુર્વક દુર કરવા બાબતે કલેકટરથી લઈ રાજયપાલ સુધી ભુતકાળમાં આ મામલે અનેક રજુઆતો કરવામાં આવી હતી પરંતુ તેનુ આજદીન સુધી કોઈ પરીણામ આવવા પામ્યુ નથી.

અમારી જમીનને અસમાજીક તત્વો દ્વારા પચાવી પાડવામાં આવેલ છે, અમારી જમીનના બનાવટી દસ્તાવેજ ગેરરિતી પુર્વક બનાવડાવવામાં આવ્યા છે, તેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા. વધુમાં જણાવ્યાનુસાર ઉપરોક્ત અરજદારો, વડીલો તથા તેઓનો પરિવારજનોના સભ્યો ખ્રીસ્તી સમાજના છે તેવુ દર્શાવવામાં આવ્યું છે. ખોટા અને બનાવટી દસ્તાવેજોમાં તેઓના નામના પાછળ ખ્રીસ્તી શબ્દ ઉમેરી દીધેલ છે અને તેઓની પાસેથી જમીન પચાવી પાડેલ હોવાના આક્ષેપો કરેલ છે. ત્યારે પોતે અનુસુચિત જનજાતિના છીએ તેવુ જણાવ્યુ હતું તેમજ તેઓના વડીલનુ નામ બદીયા લાલજી ખ્રીસ્તી અને ગેસમ લાલજી ખ્રીસ્તી લખી દીધેલ છે. ત્યારે દાહોદ મામલતદાર કચેરી દ્વારા ઉપરોક્ત અરજદારોને જણાવવામાં આવ્યું હતું કે, તેઓના પરિવારના સભ્યો ખ્રીસ્તી બની ગયેલ છે, તેઓએ પોતે ખ્રીસ્તી હોવાનો એફીડેવીટ રજુ કરેલ છે માટે તમારી જમીન પરથી આદિવાસી વર્ગની જમીન પર લાગતા ૭૩ એએના નિયંત્રણો કમી થયેલ છે. તેમ મામલતદાર દ્વારા જણાવવામાં આવ્યું હતું અને મામલતદાર દ્વારા સત્તા બહાર જઈ આ કૃત્યો આચરેલ હોવાના આક્ષેપો પણ કરવામાં આવેલ છે. ત્યારે આ સંદર્ભનો કેસ પ્રાંત કચેરીમાં ચાલી રહ્યો છે. તેમ છતાં અરજદારોને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજેશ્વરીબેન જતીનભાઈ પંચાલ નામક મહિલા દ્વારા ઉપરોક્ત અરજદારો વિરૂદ્ધ પોલીસમાં ફરીયાદ પણ કરવામાં આવેલ છે. ત્યારે આ લોકો ઉપરોક્ત અરજદારોને ધાકધમકી અને મારી નાખવાની ધમકી આપી રહ્યા હોવાનુ જણાવ્યું હતું. ત્યારે આ જમીનો પોતાની મુળ માલીકીની છે અને પોતે ખ્રીસ્તી નથી અને જમીનોના દસ્તાવેજ ખોટા અને બનાવટી ઉભા કરી તેઓની જમીન પચાવી પાડ્યા હોવાના આક્ષેપો સાથે આજરોજ દાહોદ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગણી કરી હતી. ત્યારે પોતાને ન્યાય નહી મળે તો આગામી દિવસોમાં ગાંધીચિંધ્યા માર્ગ જવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

આંગણવાડી કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લેતા રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ

દાહોદ,

દાહોદ જિલ્લામાં રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ તેમજ અધિકારીઓ દ્વારા વિવિધ આંગણવાડી કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લેતા પોષણકર્મીઓની ગંભીર નિષ્કાળજી જોવા મળતા તેમને તાબડતોબ ફરજમુક્ત કરાયા છે અને પગાર સહિતના લાભો સ્થગિત કરાયા છે.

પંચાયત કૃષિ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડે ગત તા. ૨૪ ના રોજ દેવગઢ બારીયા તાલુકાના ઘટક–૩ ના કેળકુવા માજી સરપંચ ફળિયા આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લીધી હતી. જેમાં મુલાકાત દરમ્યાન ઘણી બધી ગંભીર ક્ષતીઓ જોવા મળી હતી. આંગણવાડી કાર્યકર તેડાગર બંને ગેરહાજર હતા. તેમજ ચાર દિવસથી એક પણ બાળક કેન્દ્ર પર આવેલ નથી તથા મુલકાત દરમ્યાન બે બાળકો જ હાજર જોવા મળ્યા હતા અને બાળકો માટે નાસ્તો પણ બનાવાયો નહોતો.

લાભાર્થીઓને સરકાર તરફથી મળતા લાભ, વસ્તુ, નાસ્તો લાભાર્થી સુધી પહોંચતો નથી. બાલ શકિત, માતૃ શકિત,પૂર્ણા શકિત પીપમાં રખાયા હતા. અનાજનો જથ્થો સાફ કર્યા વગર જોવા મળ્યો હતો. તેમજ દાળ, ચણાના પેકેટ વિતરણ કરેલ ન હતા. જે ખુબ જ ગંભીર બાબત છે, કાર્યકર કેન્દ્રના બદલે મનસ્વી રીતે અનાજનો જથ્થો પોતાના ઘરે રાખેલ હતો. સાફ સફાઈનો અભાવ જોવા મળ્યો છે. રેકર્ડ રજીસ્ટર જોવા મળ્યા નથી. તેમજ અસ્તવ્યસ્ત હાલતમાં જોવા મળ્યા હતા. મંત્રીની મુલાકાત બાદ આ કર્મચારીઓ ઉપર તાત્કાલિક ફરજમુકિત સહિતના કડક પગલા લેવાયા છે.

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા પણ ગત તા.૨૧ ના રોજ દાહોદ તાલુકાની દાહોદ ઘટક–૧ ની બાવકા–૧ તથા મુવાલિયા–૩ ની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. જે મુલાકાતદરમ્યાન પણ આ મુજબની ક્ષતીઓ જોવા મળી હતી. આંગણવાડી કેન્દ્રમાં લાભાર્થીની ખોટી હાજરી પૂરીને ખોટા બીલો પાસ કરાવેલ છે. પોષણ સુધા યોજનાના પ્રતિ લાભાર્થી દીઠ રૂ.૨૭/– તથા ૩ થી ૬ વર્ષના પ્રતિ બાળકોના રૂ. ૫.૧૦/– ના બીલો બનાવાયા છે.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ઉક્ત કર્મચારીઓ ઉપર કડકમાં કડક પગલા લેવા સુચના મુજબ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા સી.ડી.પી.ઓ.ને મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર તેમજ તેડાગરને તેમની ફરજ પરની નિષ્કાળજી બદલ નોટીસ આપી સાધનિક પુરાવા સાથે રૂબરૂ ખુલાસો રજુ કરવા માટે જાણ કરાઈ છે અને આ કન્દ્રોના કાર્યકર તેડાગરના સંતોષ કારક જવાબ ના મળે ત્યાં સુધી તેમને ફરજ મુક્ત કરી તેમનો પગાર સ્થગિત કરવામાં આવ્યો છે, તેમ દાહોદનાં જિલ્લા પોગ્રામ ઓફિસરએ એક યાદીમાં જણાવ્યું છે.

દાહોદ LCB લોકઅપ રૂમમાં કેદીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ એલ.સી.બી. પોલીસની કચેરીના લોકઅપના બાથરૂમમાં એક કેદીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથક સહિત જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવાપંચાલ પામ્યો છે. ત્યારે આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો એલ.સી.બી. કચેરી ખાતે પહોંચી ગયો હતો. મૃતક કેદીનું પંચનામું કરી તેને પોસ્ટમોર્ટમ માટે નજીકના દવાખાને મોકલી દેવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

આજરોજ વહેલી સવારના ૫ થી ૮ વાગ્યાના સમયગાળા દરમ્યાન દાહોદ એલ.સી.બી. કચેરી ખાતે એક લોકઅપમાં રાખવામાં આવેલ આરોપી દિનેશભાઈ રામજીભાઈ કિશોરી (ઉ. ૩૮, રહે. થાંદલા, મધ્ય પ્રદેશ) જેને લોકઅપના બાથરૂમમાં અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વહેલી સવારે આ ઘટનાની જાણ ત્યાંના પોલીસ કર્મચારીઓને થતાં સ્થાનીક પોલીસ દ્વારા આ ઘટનાની જાણ દાહોદ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓને કરવામાં આવતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો એલ.સી.બી. કચેરી ખાતે પહોંચી ગયો હતો. ઘટના સ્થળે પહોંચી ગયેલ એસડીએમ સહિતની ટીમની હાજરમાં ઘટનાનું પંચનામું કરવામાં આવ્યું છે. જાણવા મળ્યાં અનુસાર, આ કેદી ચાકલીયા પોલીસ સ્ટેશનના કોઈ ગુન્હામાં સંડોવાયેલ હતો અને પોલીસે તેને ગતરોજ રાત્રીના સાડા દશેક વાગ્યાના આસપાસ પકડી લાવી જેલમાં મુકી દીધો હતો. ત્યારે સમગ્ર ઘટના મામલે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે. ત્યારે કસ્ટડીય ડેથના બનાવથી આ તપાસ ડીવાયએસ કક્ષાના અધિકારીને આ ઘટનાની તપાસ સોંપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ફતેપુરા જાગૃતિ કન્યા વિદ્યાલય દ્વારા ચોટીલાનો શૈક્ષણિક પ્રવાસ યોજયો

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકામાં જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા દ્વારા તા.૨૨.૧૨.૨૦૨૨ થી તા.૨૭.૧૨.૨૦૨૨ સુધી શૈક્ષણિક પ્રવાસ માટે સૌરાષ્ટ્ર દર્શનનું આયોજન કરવામાં આવેલું હતું. તેમાં તેમાં ચોટીલા, દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર, સોમનાથ, પોરબંદર, જુનાગઢ, વીરપુર, સાળંગપુર, ભાલકા તીર્થ જેવા સ્થળોનું આયોજન કરવામાં આવેલું હતું. આ શૈક્ષણિક પ્રવાસમાં સ્કૂલની વિદ્યાર્થીનીઓ અને શિક્ષક ગણ સાથે રહીને આ પ્રવાસનો સુંદર આયોજન કરવામાં આવેલું હતું. આ પ્રવાસના શૈક્ષણિક પ્રવાસ મંત્રી તરીકે એચ.જે. પારગી અને સહમંત્રી તરીકે એચ.પી.અમીન દ્વારા આ પ્રવાસનું સમગ્ર આયોજન કરવામાં આવેલ હતું અને આયોજનમાં આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફ ગણે પુરે પુરો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

શ્રી અરવિંદના જીવનકવન આધારીત જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાશે : આગામી તા. ૫ જાન્યુઆરી સુધી ભાગ લઈ શકાશે

દાહોદ,

શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગ રૂપે તેઓના જીવન કવન પર આધારિત નિબંધ, ચિત્ર તથા વકૃત્વ સ્પર્ધાનું બે વિભાગમાં આયોજન કરાયું છે. જેમાં ૧૫ થી ૧૯ વર્ષ અ–વિભાગ તથા ૧૯ વર્ષ થી ઉપરના અને ૩૫ વર્ષ સુધીના બ–વિભાગમાં આવશે. નિબંધ તથા વકૃત્વ સ્પર્ધાનો વિષય શ્રી અરવિંદ ઘોષનું જીવનકવન રહેશે.

સ્પર્ધાની તારીખ તથા સ્થળ પછીથી જાહેર કરાશે. જિલ્લા કક્ષાએ પ્રથમ વિજેતા રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. આ સ્પર્ધામાં અરજી કરવા માટે સાદા કાગળમાં સ્પર્ધકનું નામ, સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ, સ્પર્ધાનું નામ, સ્પર્ધકનો વિભાગ, સ્કૂલ/કોલેજનું નામ અને સરનામું, વગેરે વિગતો લખી સ્પર્ધકનું આધાર કાર્ડ સાથે જોડી તા. ૦૫/૦૧/૨૦૨૩ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારની કચેરીના ઈમેલ આઈડી મતજ્ઞમફવજ્ઞમ૧૨લળફશહ.ભજ્ઞળ પર મોકલી આપવાનું રહેશે.

રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત, કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા રમત ગમત અધિકારી દાહોદ દ્વારા આ સ્પર્ધા યોજાવાની છે, તેમ જિલ્લા રમતગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

કિરણસિંહ ચાવડાને ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યા

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામના વતની અને વજેલાવ ગામની ભૂતવડ પ્રાથમિક શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડાને ગ્લોબલ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ટીમ નાગપુર મહારાષ્ટ્ર દ્વારા તારીખ ૧૭ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ સંસ્થાના ત્રીજા વાર્ષિક દિવસની ઉજવણી નિમિત્તે દેશભરમાં થી ઉત્કૃષ્ટ શિક્ષણ, સમાજ સેવા અને વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી કરવા બદલ સન્માનવામાં આવ્યા હતા. જેમાં કિરણસિંહ ચાવડાને ગુજરાત ગૌરવ પુરસ્કાર આપી નાગપુર ખાતે સંસ્થાના અધ્યક્ષ મનીષા ઠાકરે દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં તેમને શિલ્ડ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. તેઓએ દેશભરમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

દાહોદ જિલ્લાના ખેડૂતો માટે કિસાન ગોષ્ઠી યોજાઈ : ૧૪૨૩ ખેડૂતોએ લીધો ભાગ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ડિસેમ્બર માસના બીજા સપ્તાહથી ૧૦ દિવસ માટે વિવિધ ગામોમાં કિસાન ગોષ્ઠીનું આયોજન કરાયું હતું. જેમાં ૧૪૨૩ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કિસાન ગોષ્ઠી રેટીયા, બલૈયા, શાષ્ટા, હુમડપુર, નઢેલાવ, થાળા, વાંદર, પ્રતાપપુરા, ટોકરવા સહિતના ગામોમાં યોજાઈ હતી. આત્મા યોજના દાહોદ દ્વારા વર્ષ ૨૦૨૨.૨૩ ના ડિસેમ્બર માસમાં ગત તા. ૧૨ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન આ કિસાન ગોષ્ઠીનું આયોજન કરાયું હતું. દાહોદ જિલ્લાના ખેડુતોને પ્રાકૃતિક ખેતી, ટપક સિચાઇ, પશુપાલન અને આધુનિક ખેતી વિશે માર્ગદર્શન મળી રહે તે હેતુથી કિસાન ગોષ્ઠીનું આયોજન કરાયું હતું. જેમાં આત્મા યોજના અને ખેતીવાડી વિભાગના અધિકારીઓ–કર્મચારીઓ, કૃષિ વિજ્ઞાન કેંદ્રના વૈજ્ઞાનિકઓ, જી.જી.આર.સી અને પશુપાલન વિભાગના અધિકારીઓ–કર્મચારીઓ દ્વારા ખેડુતોને પ્રાકૃતિક ખેતીની સાથે ટપક સિચાઇ, પશુપાલન અને હવામાન તેમજ ખેતીને અનુરૂપ માર્ગદર્શન તેમજ તેમા ઉદભવતા પ્રશ્નોનો નિકાલ કરી માર્ગદર્શન અપાયું હતું. દેશના વડાપ્રધાનના આહ્વાન મુજબ ગામ દીઠ ૭૫ ખેડુતો પ્રાકૃતિક ખેતી કરતા થાય અને રાજ્યપાલની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર ખેડુતોને પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત લાઇવ નિદર્શન યોજી માહિતગાર કરાયા હતા. તેમજ આ અભિયાનને સફળ બનાવવા માટે દાહોદ ખાતેથી સંચાલીત પ્રજાપિતા બ્રહમાકુમારી દ્વારા પણ ખેડુતોને ઝેરયુક્ત ખેતી છોડી પ્રાકૃતિક અને વૈદિક ખેતી અંગે હાજર રહી ખેડુતોને માર્ગદર્શન અપાયું હતું.

ગરબાડા તાલુકાની કુમાર શાળાનું બાળક રમતું રમતું ગટરના દૂષિત પાણીના ખાડામાં પડ્યું સદ નસીબે જાન હની ટળી

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

બે દિવસ અગાઉ રામપુરા માં શાળાનો ગેટ બાળકી ઉપર પડતા ગંભીર ઈજાઓના કારણે બાળકીનું મોત થયું હતું. જો કે, ઘટના બન્યા બાદ શાળાના આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, પરંતુ પાણી વહી ગયા બાદ પાળ બાંધવાનો કોઈ મતલબ રહેતો નથી ત્યારે આવી જ એક ઘટના ગરબાડામાં પણ બની હતી. જેમાં શાળાની બહાર આવેલ ગટરના દૂષિત પાણીના ખાડામાં રમતા રમતા એક બાળક પડી ગયું હતું. જોકે, સદ્દનસીબે આ ઘટનામાં જાન હની ટળી હતી.

ગરબાડા તાલુકા કુમાર શાળાની બહાર આવેલ મેદાનમાં અવારનવાર સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો થતા હોય છે. જેમાં જમણવાર પણ થતો હોય છે, જે જમણવારનો દૂષિત પાણીનો નિકાલ કરવા માટે અહીંયા લાંબા સમયથી ખાડા ખોદેલા હતા. જે ખાડામાં ઘાંચીવાડ વિસ્તારનું ગટરના અભાવે દૂષિત પાણી પણ જતું હોય છે અને તે દૂષિત દુર્ગંધ મારતા ખાડામાં આજે તારીખ ૨૮ ડિસેમ્બરના રોજ બપોર ૩.૪૦ ના સમયે પહેલા ધોરણમાં માં અભ્યાસ કરતો બાળક રમતો રમતો ખાડામાં પડી ગયો હતો. ઘટના બનતા બૂમાબૂમ થતા આ બાળકને ખાડામાં પડેલ જોઈ ધોરણ ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા તેને ખાડા માંથી બહાર કાઢવામાં આવ્યો હતો. જોકે, સદ્દનસીબે આ ઘટનામાં જાનહાની ટળી હતી. બાળક ખાડામાં પડવાની જાણ શાળાના બાળકો દ્વારા આચાર્યને કરવામાં આવી હતી. આચાર્ય દ્વારા આ ખાડા પુરવા બાબતે ગામના સરપંચને પણ જાણ કરવામાં આવી હતી અને ખાડાને વહેલી તકે પૂરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

દાહોદના ખરોડ ગામેથી અતુલ શકિતમાં કત્તલના ઈરાદે લઈ જવાતા બે ભેંસોને પોલીસે બચાવી

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે વાવીયાવાડા ફળિયામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની સામે રોડ પર વોચ ગોઠવી દાહોદ તાલુકા પોલીસે ઘાસચારાની કે પાણીની સગવડ રાખ્યા વગર કતલ કરવા માટે ટુંકા દોરડાથી ક્રુરતા પુર્વક બાંધી અતુલ શકિત રીક્ષા ગાડીમાં લઈ જવાતી બે ભેંસો ભરેલ રીક્ષા દાહોદ તાલુકાના પોલીસે પકડી બે ભેંસોને મુકત કરાવ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ કસ્બા પટડી ચોકમાં રહેતો સાકીરભાઈ મુનાફભાઈ મોગલ તેના કબજાના જીજે–૨૦ ડબલ્યુ–૨૧૨૭ નંબરની અતુલ રીક્ષા ગાડીમાં ઘાસ ચારા કે પાણીની સગવડ રાખ્યા વગર ટુંકા દોરડા વડે ક્રુરતા પુર્વક બાંધીને કાળા કલરની બે ભેંસો કતલખાને લઈ જવાતી હોવાની જીવદયા પ્રેમીઓ દ્વારા દાહોદ તાલુકા પોલીસને બાતમી મળી હતી. જે બાતમીના આધારે દાહોદ તાલુકા પોલીસ તથા જીવદયા પ્રેમીઓની ટીમે ભેગા મળી ગતરોજ સાંજે પાંચ વાગ્યાના સુમારે ખરોડ ગામે વાણીયાવાવ ફળીયામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની સામે રોડ પર જરૂરી વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ત્યાંથી પસાર થતી બાતમીમાં દર્શાવેલ નંબરવાળી અતુલ રીક્ષા ગાડીને પોલીસે રોકી ગાડીમાંથી રૂા. ૪૦ હજાર કુલ કિંમતની બે ભેંસો પકડી પાડી મુક્ત કરી રૂા. ૫૦,૦૦૦ની કિંમતની અતુલ રીક્ષા મળી રૂા. ૯૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ દાહોદ કસ્બા પટડી ચોકમાં રહેતો રીક્ષા ચાલક સાકીરભાઈ મુનાફભાઈ મોગલની ધરપકડ કરી જેલના સળીયા પાછળ મોકલી આપી દાહોદ તાલુકા પોલીસે આ મામલે એનીમલ ક્રુઅલ્ટી એક્ટ કલમ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડા મામલતદાર કચેરીમાં શરૂ થયેલ સબ રજીસ્ટ્રાર વિભાગમાં કનેક્ટિવિટીના અભાવે લોકોને હાલાકી

ગરબાડા,

ગરબાડા તાલુકામાં આવેલી મામલતદાર ઓફિસમાં શરૂ કરવામાં આવેલી સબ રજીસ્ટ્રારની કચેરીમાં નાણાંકિય વર્ષમાં ૧૨૨ જેટલા દસ્તાવેજોની નોંધણી થઈ હતી.

વર્ષ–૨૦૧૧માં શરૂ કરાયેલી આ સબ રજીસ્ટ્રારની કચેરીમાં પ્રથમ વખત આટલી મોટી સંખ્યામાં દસ્તાવેજોની નોંધણી કરાઈ છે. સામાન્ય રીતે વર્ષમાં આ કચેરીમાં ૫૦ થી ૬૦ દસ્તાવેજોની નોંધણી કરાતી હોય છે. પરંતુ આ વર્ષમાં મોટાભાગના દસ્તાવેજો લોન અથવા મોર્ગેજના નોંધાયા હોવાનુ જાણવા મળેલ છે. મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીઓમાં અવાર નવાર નેટવર્ક અને નેટ કનેક્ટિવીટીની સમસ્યા સર્જાતી હોય છે. સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજો અઠવાડિયામાં સોમવારના દિવસે નોંધાતા હોય છે. તે જ દિવસે નેટ બંધ રહેતા દસ્તાવેજ કરાવનાર વ્યકિતઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.109

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ જીલ્લાના હાલોલ સબ રજીસ્ટ્રાર, આઈ.આર. ગોધરા સ્ટેમ્પ ડયુટી

કલેકટરના મેળાપીપણામાં સ્ટેમ્પ ડયુટીની ચોરી કરાવી ૫૦૦ કરોડના ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપ સાથે ગાંધીનગર નોંધણીસર નિરીક્ષકને લેખિત રજુઆત

ગોધરા, પંચમહાલ જીલ્લાના હાલોલ સબ રજીસ્ટ્રાર, આઈ.આર.ગોધરા તેમજ સ્ટેમ્પ ડયુટી અધિકારીના દ્વારા માર્ગદર્શન આપીને હરાજી થયેલ કંપનીના વેચાણ દસ્તાવેજ ભરવાપાત્ર સ્ટેમ્પ ડયુટી રકમ પ્રમાણે જંત્રી મુજબ ૪,૫૦,૦૦,૦૦૦/- થતી હોય જેની સામે સ્ટેમ્પ ડયુટી ૨૨,૦૫,૦૦૦/-રૂપીયા ભરાવીને કંપનીને ફાયદો કરાવી સરકારને ૧ કરોડ રૂપીયા નુકશાન કરી ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપ કરવામાં આવ્યો.

હાલોલની મારૂતી કોન્સુલીન્ડર પ્રા.લી.ની હરાજી થઈ હતી. હરાજી દરમ્યાન કંપનીની કિંમત એન.સી.એલ.ટી.ની હરાજી મુજબ રૂા.૨૫,૦૦,૦૦૦/-ની હતી. તે પ્રમાણે વેચાણ દસ્તાવેજની ભરવાપાત્ર સ્ટેમ્પ ડયુટી રકમ ૪.૯% પ્રમાણે ૧,૨૨,૫૦,૦૦૦/-રૂા. થાય છે. તેની કપંનીની જંત્રી પ્રમાણે ૪,૫૦,૦૦,૦૦૦/-રકમ થતી હોય જેની સ્ટેમ્પ ડયુટી ૨૨,૦૫,૦૦૦/-રૂપીયા જેવી થાય છે. ત્યારે આ વેચાણ દસ્તાવેજમાં હાલોલ સબ રજીસ્ટ્રાર, આઈ.આર. અધિકારી તેમજ સ્ટેમ્પ ડયુટી કલેકટર ત્રણે અધિકારીઓ ભેગા મળીને મારૂતી કોત્સુસીલીન્ડર પ્રા.લી.ને માત્ર જંત્રી જેટલી વેચાણ કિંમત ગણી સ્ટેમ્પ ડયુટીના રૂા. ૨૨,૦૫,૦૦૦/- વસુલ કરેલ છે. તેમજ કંપનીને થતાં ફાયદામાં ૫૦ % રકમ એટલે ૫૦ ૦૦,૦૦૦/-રૂપીયા (પચાસ લાખ રૂપીયા)ને। ત્રણે અધિકારીઓએ ભેગા મળી ભ્રષ્ટાચાર કરી કંપનીના પચાસ લાખ રૂપીયાનો ફાયદો કરાવી સરકારને ૧,૦૦,૦૦,૦૦૦/- રૂપીયા (૧ કરોડ રૂપીયા)નું નુકશાન કરેલ છે. આ પ્રમાણે ૨૦૧૯-૨૦માં ખુલ્લા પ્લોટ વેચાણના જી.આર.બહાર પાડવામાં આવ્યો હતો. બિલ્ડરો સ્થળ ઉપર મકાન બાંધી ઓપન પ્લોટોના દસ્તાવેજ કરીને સ્ટેમ્પ ડયુટીની ચોરી કરતા હતા. જી.આર. બહાર પડયા બાદ દરેક બિલ્ડરોએ પુરી સ્ટેમ્પ ડયુટી ભરી અધુરા બાંધકામના દસ્તાવેજો કરવાના ચાલુ કર્યા હતા. જેમાં હાલોલ સબ રજીસ્ટ્રારને દસ્તાવેજ ૫,૦૦૦/-રૂપીયાની આપવાની નકકી કરી હતી અને એક વર્ષ કમાણી કરી હતી. તેમાં પણ ત્રણ અધિકારીઓ ભેગા મળી અધુરા બાંધકામવાળા દસ્તાવેજોની નોંધણી બંધ કરી ખુલ્લા પ્લોટના દસ્તાવેજ ચાલુ કરાવી દસ્તાવેજ દીઠ ૨૫,૦૦૦/-રૂપીયા લઈને ભ્રષ્ટાચાર કર્યો હતો. હાલોલ સબ રજીસ્ટ્રારમાં હાલોલમાં થતા ખેતીના દસ્તાવે જો પૈકી ૮૦ % દસ્તાવેજ ફકત એક જ વ્યકિત કરે છે. તેમાં પણ સંયુકત પરિવારથી જમીનો પણ સંમતી વગર વેચાણ કરવા ગુંઠા દીઠ ૫,૦૦૦/- રૂપીયા લાંચ આપવાની નકકી કરેલ આંમ, પંચમહાલ હાલોલ સબ રજીસ્ટ્રાર, આઈ.આર.ગોધરા તથા સ્ટેમ્પ ડયુટી કલેકટરના મેળાપીપણામાં સ્ટેમ્પ ડયુટી કરવા માર્ગદર્શન આપી અત્યાર સુધી ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપ સાથે ગુજરાત રાજય નોંધણી સહ નિરીક્ષક કચેરીના જેનુ દેવનને લેખિત રજુઆત કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ઉત્તરાયણના પર્વમાં પ્રતિબંધીત જીવલેણ ચાઈનીઝ દોરીનું વેચાણ થતું અટકાવવા અત્યારથી કાર્યવાહી જરૂરી

શહેરા ખાતેથી ચાઈનીઝ દોરીના ફિરકા ઝડપ્યા તે પ્રતિબંધીત દોરીનું વેચાણ થતું હોવાનું પુરાવો

ગોધરા, પંચમહાલ જીલ્લ સહિત ગોધરામાં ઉત્તરાયણના પર્વમાં પ્રતિબંધીત જીવલેણ ચાઈનીઝ દોરીનું વેચાણ અમુક વેપારીઓ સારા એવા નફાની લાલચમાં વેચાણ કરતાં હોય છે. જીલ્લામાં ચાઈનીઝ દોરીના પ્રતિબંધનું જાહેરનામું પ્રસિદ્ધ થાય અને તેની અમલવારી પહેલા ચાઈનીઝ દોરીનું વેચાણ શરૂ થઈ જતું હોય છે. ત્યારે ગોધરા સહિતના અન્ય શહેરોમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં વેપારીઓની દુકાન અને વખારો ઉપર તપાસ કરીને ચાઈનીઝ દોરીના વેચાણને બંધ કરાવવા અત્યારથી કાર્યવાહી કરવી જરૂરી છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં ઉત્તરાયણના પર્વ ઉલ્લાસના પર્વમાં પ્રતિબંધીત અને પ્રાણઘાતક ચાઈનીઝ દોરીના ઉપયોગ સામે પ્રતિબંધ હોવા છતાં ધુમ ઉપયોગ થાય છે અને આવી ચાઈનીઝ દોરીને કારણે કેટલાય લોકોના જીવ જોખમમાં મુકાય જતા હોય છે. સાથે અબોલ પક્ષીઓના જીવ પણ જતા હોય છે. જેને લઈ રાજયભરમાં ચાઈનીઝ દોરીના ઉપયોગ સામે પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે અને તેના વેચાણ સામે કાયદેસર કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવી છે. તેમ છતાં પંચમહાલમાં ગોધરા સહિત તમામ જગ્યાએ પતંગ દોરીનો ધંધો કરતા વ્યવસાહિકો ચાઈનીઝ દોરી ઉપર સારા નફાની લાલચમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું ચોરી છુપીથી વેચાણ કરતા હોય છે. ગોધરા શહેરમાં વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ ઉત્તરાયણના પર્વના ચાર થી પાંચ દિવસ માટે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં વેપારીઓને ત્યાં રેડ કરીને કાર્યવાહી કરે છે પરંતુ તે પહેલા ચાઈનીઝ દોરીનું મોટાપ્રમાણમાં વેચાણ થઈ ગયું હોય છે અને તેની જાણકારી ઉત્તરાયણના પર્વમાં ચાઈનીઝ દોરીની લોકોના ઘાયલ થયાના સમાચાર બાદ તેની ખાત્રી થાય છે. ત્યારે ઉત્તરાયણના પર્વને ૧૫ દિવસ જેવો સમય બાકી છે. તે પહેલા જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ ચાઈનીઝ દોરીના વેચાણ થતું અટકાવી આવા વેપારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરે તે જરૂરી છે.

શહેરા અણીયાદ ચોકડી ઉપર બે દુકાનદારો પાસેથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના ૮ ફિરકા ઝડપ્યા

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા નગર પાલિકા દ્વારા પતંગ-દોરીનું વેચાણ કરતા દુકાનદારોને ત્યાં ઓચિંતુ તપાસ કરતા અણિયાદ ચોકડી વિસ્તારમાં બે દુકાનદારોને ત્યાંથી ૭ જેટલા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ફિરકા ઝડપાયા હતા. સબંધિત તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા બે વેપારીઓ સામે પાલિકાએ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ઉત્તરાયણના પર્વને લઈને પતંગ અને દોરીના વેપારીઓ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી તેમજ ચાઈનીઝ તુક્કલનું વેચાણ કરવામાં આવતું હોય છે. ત્યારે પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાની માહિતીના આધારે શહેરા નગરપાલિકાના ચીફ ઓફિસર તેજલ મૂંઘવાની સૂચનાને લઈને નગર પાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર જીતેન્દ્રસિંહ રાઠોડ અને તેમની ટીમ દ્વારા પતંગ-દોરીના દુકાનદારોને ત્યાં આકસ્મિક ચેકીંગ હાથ ધરાયું હતું. જેમાં અણિયાદ ચોકડી વિસ્તારમાં આવેલ બે દુકાનોમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી આવી હતી. જેને લઈને પાલિકાની ટીમે પતંગ-દોરીના બે દુકાનદારોને ત્યાંથી ૭ જેટલા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ફિરકા ઝડપી પાડી ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા દુકાનદારો સામે પાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. તો બીજી તરફ પાલિકા દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેપાર સામે લાલ આંખ કરવામાં આવતા ચાઈનીઝ દોરીનું છૂપી રીતે વેચાણ કરતા વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો હતો.

પંચમહાલના DSP અને વેજલપુર ના તત્કાલીન PSI ને રાજય આયોગની નોટિસ !

પારદર્શક લોકશાહીમાં પ્રજા પાસે કાયદાનું પાલન કરાવનાર પોલીસ પોતે જ કાયદા પાલનમાં ઈરાદાપૂર્વક ગફલત કરે તો કાયદો કોઈને છોડતો નથી

ગોધરા, પંચમહાલ ગોધરાના સામાજિક કાર્યકર, RTI એકટીવિસ્ટ, ધારાશાસ્ત્રી ગોપાલ પટેલએ વેજલપુર પો.સ્ટે.માં ૩૧ આરોપીઓ વિરૂદ્ધ લેખિત ફરિયાદ આપેલ. જેમાં તપાસ કરીને ફરિયાદ નોંધવાનું વેજલપુર પોલીસ તંત્રએ જણાવેલ. ફરિયાદીએ અનેકવાર સ્ટેટ્સ માંગતા તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે.! ના મૌખિક બહાના કાઢીને લગભગ ૨વર્ષ થવા છતાં ફરિયાદ નહિ નોંધાતા કંટાળેલા ફરિયાદીએ RTI અરજી કરેલ. છતાં માહિતી નહિ મળતા DSP ને અપીલ કરતાં DSP એ હાથ ધરેલ સુનાવણીમાં પદિવસમાં માહિતી આપવાનો હુકમ કરેલ. છતાં પૂરતી માહિતી નહિ મળતા ફરિયાદીએ રાજય આયોગમાં ફરિયાદ કરતાં રાજય આયોગે પંચમહાલ DSP પાસે તત્કાલીન વેજલપુર PSIની નોકરી, ફરજની વિગતો માંગીને સુનાવણીમાં હાજર રહેવા નોટિસ જારી કરતાં પોલીસ તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ગોધરા પાલિકાના નિવૃત પેન્શનરોને ચાર માસથી પેન્શન નહીં ચુકવતા પાલિકા કચેરી બહાર પ્રતિક ધરણા ઉપર ઉતર્યા

પાલિકાએ વેરાની ઉઘરાણી કરી એક માસનું પેન્શન આપવા સામે પેન્શનરોની અસહમતી સાથે ધરણા ચાલુ રાખ્યા

ગોધરા, ગોધરા નગર પાલિકાના નિવૃત કર્મચારીઓને છેલ્લા ચાર માસથી પેન્શન ચુકવવામાં આવ્યું ન હોય જેને લઈ નિવૃતિમાં માત્ર પેન્શન ઉપર નભતા પેન્શનરોનું ઘરનું ગુજરાત ચલાવવું મુશ્કેલ બન્યું છે. પાલિકા નિવૃત પેન્શનરો દ્વારા પાલિકા કચેરીમાં રજુઆત કરવામાં આવતાં ગ્રાન્ટના અભાવના બહાના કરીને પેન્શનરોને પેન્શન ચુકવવામાં અખાડા કરવામાં આવતા હોય જેને લઈ પાલિકા નિવૃત પેન્શનરો દ્વારા ૨૮ ડિસેમ્બરના રોજ પ્રતિક ધરણાં ઉપર બેસવાની ચિમકી ઉચ્ચારીને લેખિત રજુઆત કરાઈ હતી. તેમ છતાં પાલિકા દ્વારા નિવૃત પેન્શનરોને પેન્શનની ચુકવણી નહિ કરતાં આજરોજ પાલિકા કચેરી બહાર પાલિકાના નિવૃત ૧૦૦ ઉપરાંત પેન્શનરો પ્રતિક ધરણા ઉપર બેઠા હતા. પાલિકા દ્વારા પ્રતિક ધરણા ઉપર બેઠેલ પેન્શનરોને બાકી વેરાની ઉઘરાણી કરીને ૧૦ દિવસમાં એક માસનું પેન્શન ચુકવવાની ખાત્રી આપવામાં આવી હતી. જેની સાથે પેન્શનરો સહમત થયા ન હતા. ચાર માસના બાકી નિકળતા પેન્શન સામે માત્ર એક માસનું પેન્શન ચુકવવાની સામે અસહમતી સામે પાલિકા સામે પેન્શનરો દ્વારા પ્રતિક ધરણા ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

શહેરા સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૧મો ભવ્ય શાકોત્સવ યોજાયો

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૧મો ભવ્ય શાકોત્સવ યોજાયો હતો. આ દિવ્ય પ્રસંગે અમદાવાદ મંદિરથી આવેલા સ્વામીએ હરિ ભકતોને ભગવાન સ્વામિનારાયણે કરેલા ઉત્સવોની રસપ્રદ કથાઓનું રસપાન કરાવ્યું હતું. મોટી સંખ્યા હરિભકતોએ બાજરીના રોટલા અને ઘી ગોળ અને કડી ખીચડી તેમજ રીંગણના શાકનો સ્વાદ માણ્યો હતો.

શહેરા નગરમાં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૧મો શાકોત્સવનો લ્હાવો લેવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક તાલુકા સહિત બહાર થી પણ હરિ ભકતો આવ્યા હતા. અમદાવાદ મંદિર થી આવેલા હરી સ્વરૂપદાસજી સ્વામી અને નારાયણ સ્વામીનું હરિ ભકતો અને નર નારાયણ યુવક મંડળ દ્વારા ફૂલ હાર પહેરાવીને સ્વાગત કરવામા આવેલ હતું. હરી સ્વરૂપદાસજી સ્વામી અને નારાયણ સ્વામીએ કથાનું રસપાન કરાવતા હરિ ભકતોને જણાવ્યું હતું કે, શાકોત્સવની ઉજવણીનું સ્વામિનારાયણ સંપ્રદાયમા સૌથી વધુ મહત્વ ગણાઈ છે. ભગવાન સ્વામિનારાયણે લોયાધામમાં દિવ્ય શાકોત્સવમાં હરિ ભકતોના મનોરથ પૂર્ણ કરવા માટે ૧૮ મણ ઘીમાં ૮૦ મણ રીંગણ નો વઘાર કરીને શાક બનાવીને હરિ ભકતોને હેત પૂર્વક શાક પીરસીને જમાડ્યા હતા. ત્યાર થી આ મહિનામાં શાકોત્સવની ઉજવણી કરાઈ છે. મંદિર ખાતે સ્વામિનારાયણ ભગવાન શાક બનાવતા હોય તેવા દર્શન હરિ ભકતો એ કરવા સાથે આરતીનો પણ લ્હાવો લીધો હતો. શાકોત્સવમાં હરિ ભકતોએ બાજરીના રોટલા, રીંગણનું ભરથું, કડી-ખીચડી સાથે ઘી ગોળની પ્રસાદી લઈને ધન્યતા અનુભવી હતી. શાકોત્સવનો મોટી સંખ્યામાં હરિ ભકતો લહાવો લે તે માટેનું સુંદર આયોજન નર નારાયણ યુવક મંડળ અને શહેરા સત્સંગ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાલોલના બાકરોલ-શક્તિપુરા વચ્ચે નર્મદા કેનાલની સાઈટોમાં ભંગાણ પડતા નુકસાનની શકયતા

કાલોલ, કાલોલ તાલુકાના બાકરોલ-શક્તિપુરા વચ્ચેની નર્મદા કેનાલની એક સાઈટ પર ૭ થી ૮ ફુટનુ ભંગાણ પડતા મોટી નુકસાનની ભિતી સેવાઈ રહી છે.

કાલોલ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ પૈકી બાકરોલ-શક્તિપુરા વચ્ચેની નર્મદા મુખ્ય કેનાલની પુર્વ દિશાની સાઈટ તરફી એક બાજુની જગ્યાએ ૭ થી ૮ ફુટના ભાગમાં સીસી ચણતર તુટી ભંગાણ પડતા કેનાલની આ સાઈટ સ્થળે મોટુ નુકસાન પહોંચાડે તેવી ભિતી સેવાઈ રહી છે. કાલોલ તાલુકા વિસ્તારમાં બાકરોલ બ્રિજથી શક્તિપુરા તરફ જવાના કેનાલની ઉગમણી દિશાની સાઈટના સ્થળે કેનાલના મધ્ય ભાગમાં બહારથી સાતથી આઠ ફુટનુ ચણતર તુટેલુ છે. પાણીની સપાટીની અંદરના ભાગે કેટલુ તુટેલુ હશે એ આકલન કરવુ મુશ્કેલ છે. પરંતુ બહારથી તુટેલા આ ભંગાણથી કેનાલમાં વહેતા પાણીના પ્રવાહના ફોર્મ અને વહેતા પાણીની થપાટોથી તુટેલી સાઈટની જગ્યાએ વધુ નુકસાન થવાની ભિતીને નકારી શકાય નહિ, તદ્ઉપરાંત મોટા ભંગાણની આસપાસ બે-ત્રણ નાના નાના બોગદા પણ જોવા મળે છે. જેથી જો સત્વરે આ નુકસાનનુ સમારકામ કરવામાં ન આવે તો ભંગાણ ધરાવતી સપાટીની આસપાસ વધુ ભંગાણ વકરતા સાઈટમાં મોટુ ગાબડુ પડવાની ભિતી સેવાઈ રહી છે.

શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં વકૃત્વ, નિબંધ તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાશે

ગોધરા, રમત-ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત, કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, પંચમહાલ દ્વારા સંચાલિત શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રીઅરવિંદ ઘોષના જીવન કવન પર આધારીત વકૃત્વ, નિબંધ તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન બે વિભાગમા યોજાશે. જેમા ૧૫ થી ૧૯ વર્ષ "અ" વિભાગ તથા ૧૯ વર્ષથી ઉપરના અને ૩૫ વર્ષ સુધીના "બ" વિભાગ હેઠળ ગણવામાં આવશે. નિબંધ તથા વકૃત્વ સ્પર્ધાનો વિષય શ્રી અરવિંદ ઘોષનુ જીવન કવન" રહેશે. સ્પર્ધાની તારીખ તથા સ્થળ હવે પછી જાહેર કરવામા આવશે. જિલ્લા કક્ષાએ પ્રથમ વિજેતા રાજય કક્ષાએ ભાગ લેવા જશે તથા રાજય કક્ષાની ત્રણેય સ્પર્ધામાં વિજેતા પ્રથમ ૧૦ સ્પર્ધકોને વિના મુલ્યે પુડુચેરી ખાતેના અરવિંદ આશ્રમની મુલાકાતે સરકારના ખર્ચે લઈ જવામા આવશે. આ સ્પર્ધામા અરજી કરવા માટે સાદા કાગળમાં સ્પર્ધકનું નામ, સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ, સ્પર્ધાનુ નામ, સ્પર્ધાનો વિભાગ, સ્કુલ/કોલેજનું નામ અને સરનામું વગેરે વિગતો લખી સ્પર્ધકનું આધાર કાર્ડ સાથે જોડી તા.૨૦/૦૧/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રૂમ નંબર-૩૫, પ્રથમ માળ, કલેક્ટર કચેરી, સેવા સદન ભાગ-૨, ગોધરા, જી.પંચમહાલ ખાતે મોકલી આપવાની રહેશે. બપોરે ૧૨ કલાક પછી આવનાર ફોર્મ તથા અધુરી વિગતવાળા ફોર્મ સ્વીકાર્ય રહેશે નહી, જે સ્પર્ધકની અરજી મળ્યેથી સ્પર્ધા સ્થળ-તારીખની જાણ કરવામાં આવશે. વધુ માહીતી માટે રાજેશ પારગી (જીલ્લા યુવા વિકાસ અધીકારી પંચમહાલ, મો. ૯૧૦૬૨૨૫૦૫૧) પર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગોધરાના જુનીધરી ગામે કરિયાણુ ખરીદવા બાબતે ગર્ભવતિ પત્નિ અને પતિને ચાર ઈસમોએ માર મારતા ફરિયાદ

ગોધરા, જુનીધરી ગામે આવેલા મોટા ફળિયામાં રહેતા રાજેશભાઈ ગીરવતભાઈ માછી અને ગર્ભવતી પત્નિ ભારતીબેન ઘરે હતા ત્યારે ગામમાં રહેતા કાંતિલાલ માછી, આશીષભાઈ માછી, કૃતજ્ઞકુમાર માછી, તેઓના ઘરે આવ્યા હતા અને જણાવ્યુ હતુ કે, તમે અમારી દુકાનેથી કેમ કરિયાણુ નથી લેતા અને તમારે પ્રતોભાઈની દુકાને કરિયાણુ લેવા માટે નહિ જવાનુ કહેતા દંપતિએ જણાવ્યુ હતુ કે, અમે ગમે ત્યાંથી કરિયાણુ લઈએ એમા તમારે શુ, જેને લઈને ત્રણેય ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા અને ભારતીબેનને અપશબ્દો બોલવા લાગ્યા હતા. અને ઝઘડો કર્યો હતો. જે દરમિયાન ચંપાબેન રતિલાલ માછી પણ આવી ગયા હતા. જેઓએ ભારતીબેનને વાળ પકડીને નીચે પાડી દઈને ગદડાપાટુનો માર માર્યો હતો. જેમાં ગર્ભવતિ ભારતીબેનનને પેટને ભાગે લાત વાગી ગઈ હતી. જયારે આશીષભાઈ અને કૃતજ્ઞએ રાજેશભાઈને માર મારતા રાજેશભાઈના બા ભુરીબેન છોડાવવા પડતા આશિષે ભુરીબેનને કુહાડીનો હાથો મારીને ઈજાઓ પહોંચાડી હતી. બીજી તરફ આસપાસના લોકો દ્વારા ૧૦૮ને જાણ કરીને ભારતીબેન, ભુરીબેન તથા રાજેશભાઈને સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડયા હતા. રાજેશભાઈએ કાંકણપુર પોલીસ મથકે ચાર ઈસમો સામે ગુનો નોંધાવતા કાર્યવાહી હાથ ધરી હતી.

સીંગવડ તાલુકા પંચાયતમાં મનરેગા વિભાગમાં ભ્રષ્ટાચારને લઈ ૧૧ સદસ્યોએ સ્ટાફની બદલી કરવા માંગ કરી

દાહોદ, છેલ્લા કેટલાય સમયથી સીંગવડ તાલુકા પંચાયતમાં મનરેગા વિભાગમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારોની ફરિયાદ થવા પામી હતી. જયારે વહીવટી તંત્ર દ્વારા આ બાબતે પગલા ન ભરાતા મનરેગાના સ્ટાફ મનસ્વી પણે વહીવટ કરતા હોય પંચાયતના પદાધિકારી તેમજ તા.પં.સદસ્ય સીંગવડના સદસ્યની લોક રજુઆત હોવા છતાં મનરેગા વિભાગના કર્મચારીઓ વિકાસના કામો માટે વારંવાર રજુઆત કરવા છતાં તાલુકા પંચાયતનુ તંત્ર તેમજ મનરેગા વિભાગના એપીઓ સહિત તમામ સ્ટાફ સાંભળતુ નથી. તેમજ પોતપોતાની મનમાની કરી રહ્યા છે આ બાબતે સીંગવડ તાલુકા પંચાયતના જ ઉપપ્રમુખ સહિત ૧૧ જેટલા સદસ્ય બાંયો ચઢાવતા મામલો પુર્વ કેન્દ્રિય પ્રધાન અને દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર સુધી ગયો હતો. સભ્યો દ્વારા મનરેગા યોજનામાં તમામ સ્ટાફની બદલી કરવા તેમજ જરૂરી પગલા લેવા રજુઆત કરવામાં આવી હતી.

લીમખેડાના પીપળી પ્રા.શાળામાં શિક્ષકને ફરજ પર બેદરકારી માટે સસ્પેન્ડ કરી ફરજ મોકુફ કરાયા

દાહોદ, લીમખેડા તાલુકામાં આવેલી પીપળી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક દ્વારા શાળામાં પોતાની ફરજ દરમિયાન બેદરકારી દાખવતા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ શિક્ષકને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી ફરજ પરથી મોકુફ કરવાનો હુકમ કર્યો હતો.

પીપળી પ્રા.શાળામાં આ.શિક્ષક તરીકે ફરજ બજાવતા ભાભોર અમરસિંહ મંગાભાઈ દ્વારા પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી ઉત્તરવહી ચકાસણી દરમિયાન અનિયમિતતાઓ આચરી હતી. આ મામલો દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીની ઓફિસે પહોંચતા શિક્ષકને ફરજ મોકુફીનો હુકમ કરવામાં આવ્યો છે. ત્યારે આ મામલામાં ઉપરોકત શિક્ષક વિરુદ્ધ અનુસાંગિક કાર્યવાહી પુર્ણ ન થાય, અન્ય આદેશ ન થાય ત્યાં સુધી ફરજ મોકુફી સુધી ઉતારવામાં આવ્યા છે. વધુમાં તેઓએ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી દાહોદની પુર્વ મંજુર વગર મુખ્ય મથક છોડી શકશે નહિ, તેમજ ફરજ મોકુફી દરમિયાન અન્ય કોઈ નોકરી કે વ્યવસાય કરી શકશે નહિ, અને તેમનો પગાર કે મહેનતાણુ મેળવી શકશે નહિ, ત્યારે શિક્ષકને નિયમો મુજબ ભથ્થુ મળવાપાત્ર રહેશે.

ગોધરા મેંદા પ્લોટની પરણિતાને પતિ અને સાસરીયાએ દહેજ માંગણી કરી ત્રાસ આપી ઘર માંથી કાઢી મુકતા ફરિયાદ

ગોધરા, ગોધરા મેંદા પ્લોટ મહેબુબ મસ્જીદ વિસ્તારની પરણિતાને પતિ, સાસુ-સસરાં અને નણંદ દ્વારા ગાળો આપી દહેજ ઓછું લાવી છે. ઘરના રીનોવેશન અને ધંધા માટે ૩ લાખ રૂપીયા માંગણી કરી માનસીક ત્રાસ આપી ઘર માંથી કાઢી મુકતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા મેંદા પ્લોટ મહેબુબ મસ્જીદ સામે પરણિતા ફોજીયા ઈરફાન તૈયબ દુર્વેશના લગ્ન થયાના સાત વર્ષથી આજદિન સુધી પતિ ઈરફાન દુર્વેશ, સાસુ-સસરા અને નણંદ દ્વારા ખોટી રીતે ગાળો આપી તું તારા બાપના ઘરેથી દહેજ ઓછું લાવી છે. મારે ૩ લાખ રૂપીયા ઘરનું રીનોવેશન કરાવા તથા બીજો ધંધો શરૂ કરવા તારા બાપના ઘરેથી રૂપીયા લઈ આવ તેમ કહી પરણિતાને ગડદાપાટુનો મારમારી માનસીક ત્રાસ આપી તેમજ મેણાંટોણા મારી દહેજની માંગણી કરી ઘર માંથી કાઢી મૂકી ગુન્હો કરતાં આ બાબતે ગોધરા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.